☎ : 022-40229684

# વોઈસ ઓફ ઘાટકોપર

ઓફિસ : એ-૧, બેઝમેન્ટ, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.

વર્ષ : ૯ ● અંક : ૪૮ ● સળંગ અંક : ૩૮૦ ● મુંબઈ ● શુક્રવાર ● તા. ૨૯ ડિસે. ૨૦૧૭ – ૪ જાન્યુ. ૨૦૧૮ ● પાના : ૧૬ ● કિંમત રૂા.૪

## ૨૯ ડિસે.થી રિલીઝ થઈ રહેલી અનોખી ગુજરાતી ફિલ્મ

## ''ચલ મન જીતવા જઈએ''



૧) આ એક અદ્‌ભૂત ફિલ્મ છે ગુજરાતી ફિલ્મોનું નસીબ છે કે આ ફિલ્મ ગુજરાતીમાં બની છે.

૨) દુનિયાના તમામ દેશોમાં થતી આવી સમસ્યાનો ઉકેલ આપવાની અને જીતવાની કળા આ ફિલ્મ શીખવે છે અને માટે આ ફિલ્મ દુનિયાની તમામ ભાષામા બનવી જોઈએ.

૩) દુનિયાના તમામ એવોર્ડ જીતી શકે એવી અદ્‌ભુત ફિલ્મ છે.


૪) ગુજરાતીઓ થોડી એફર્ટ લઈઆ ફિલ્મ પોતે અને પોતાના બાળકોને જરૂર દેખાડવી જોઈએ અને આ ફિલ્મ વિશે બીજાને કેવું પડશે. આ ફિલ્મને એક મુવમેન્ટ બનાવવી પડશે.

**જાણીતા એક્ટર અને ડિરેક્ટર**
**- જે.ડી.મજેઠીયા**

**આઈનોક્સ આર સીટી મૉલ**
**ઘાટકોપર (વેસ્ટ)**
**રાત્રે ૧૦.૪૫ કલાકે**

---

**સીનેમેક્સ, આર.ઓડિયન મૉલ**
**ઘાટકોપર (ઈસ્ટ)**
**રાત્રે ૭.૧૫ કલાકે**




## એકવાર માણવા જેવી અદ્‌ભુત ફિલ્મ

**કલાકારો: રાજીવ મહેતા (પ્રફુલ - 'ખીચડી' ફેમ), કૃષ્ણા ભારદ્વાજ (તેનાલી રામા - સબ ટીવી)**
**ધર્મેન્દ્ર ગોહીલ (મરીઝ, મુક્તિધામ, નરસૈયાનો નાથ, બ્લેકઆઉટ અને ઘણાં બધાં ગુજરાતી નાટકો)**

ક. જે. સોમૈયા ટ્રસ્ટ, સોમૈયા સંસ્કૃતિ વિહાર

અને

# સોમૈયા વિદ્યાવિહાર દ્વારા આયોજિત ૨૯મો જ્ઞાનયજ્ઞ

## તા. ૧.૧.૨૦૧૮, સોમવાર થી તા ૩૧.૧.૨૦૧૮, બુધવાર • સ્થળ : સોમૈયા વિદ્યાવિહાર પ્રાંગણ

### સવારનું સત્ર : ૭.૦૦ થી ૮.૦૦ કલાક

| | | |
|---|---|---|
| સોમવાર, તા. ૧.૧.૨૦૧૮ થી બુધવાર, તા. ૩.૧.૨૦૧૮ | પ.પૂ. સ્વામી અવધૂતાનંદજી | યોગ અને સ્વાસ્થય |
| ગુરુવાર, તા. ૪.૧.૨૦૧૮ થી રવિવાર, તા. ૭.૧.૨૦૧૮ | પ.પૂ. સ્વામી અનુભવાનંદજી | ઉપદેશ સાર |
| સોમવાર, તા. ૮.૧.૨૦૧૮ થી શનિવાર, તા. ૧૩.૧.૨૦૧૮ | પ.પૂ. સ્વામિની સત્પ્રિયાનંદ સરસ્વતીજી | ઈશ્વરદર્શન (શ્રીમદ્ ભગવદ્ગીતા અ-૧૧) |
| રવિવાર, તા. ૧૪.૧.૨૦૧૮ થી બુધવાર, તા. ૧૭.૧.૨૦૧૮ | પ.પૂ. મહામંડલેશ્વર આચાર્ય પ્રણવાનંદજી સરસ્વતીજી | સંયમ, યોગ જ આત્મજ્ઞાનનો હેતુ |
| ગુરુવાર, તા. ૧૮.૧.૨૦૧૮ થી ગુરુવાર, તા. ૨૫.૧.૨૦૧૮ | પ.પૂ. સ્વામિની તનમયાનંદજી સરસ્વતીજી | પરમાર્થ સાધન – કર્મ (શ્રીમદ્ ભગવદ્ગીતા) |
| શનિવાર, તા. ૨૭.૧.૨૦૧૮ થી બુધવાર, તા. ૩૧.૧.૨૦૧૮ | પ.પૂ. સ્વામી તદ્રુપાનંદજી સરસ્વતીજી | અષ્ટાવક્રગીતા |

**કચ્છી લોહાણા**

**–: શ્રી વય : શ્રેષ્ઠી સંમેલન :–**

**નોંધ : શુક્રવાર, તા. ૨૬.૧.૨૦૧૮ ના દિવસે સમય સવારના ૧૦.૦૦ થી બપોરે ૨.૦૦ કલાક**

### સવારનું બીજું સત્ર : ૮.૧૫ થી ૯.૧૫ કલાક

| | | |
|---|---|---|
| સોમવાર, તા. ૧.૧.૨૦૧૮ થી શનિવાર, તા. ૬.૧.૨૦૧૮ | પ. પૂ. સ્વામી ઓમાનંદજી સરસ્વતીજી | વેદયોગ સાધના |
| રવિવાર, તા. ૭.૧.૨૦૧૮ થી મંગળવાર, તા. ૯.૧.૨૦૧૮ | યોગાચાર્ય શ્રી તનુભાઈ ખટાઉ | બધા રોગોનો એક જ ઉપાય |
| બુધવાર, તા. ૧૦.૧.૨૦૧૮ | દેવાંગ છોટાલાલ શાહ | થેરાપ્યુટીક યોગ વરિષ્ઠ નાગરિકો |
| ગુરુવાર, તા. ૧૧.૧.૨૦૧૮ | વીજયંકા શાહ | પીઠ અને ગરદન માટે યોગ |
| શુક્રવાર, તા. ૧૨.૧.૨૦૧૮ | શ્રીમતી શીતલ શાહ | યોગીક શુધ્ધિ ક્રિયા નું શહેરમાં મહત્વ |
| શનિવાર, તા. ૧૩.૧.૨૦૧૮ | ફોરમ દેવાંગ શાહ | બાળકો માટે યોગ |
| રવિવાર, તા. ૧૪.૧.૨૦૧૮ } સોમવાર, તા. ૧૫.૧.૨૦૧૮ } મંગળવાર, તા. ૧૬.૧.૨૦૧૮ } | રાજ્યોગિની બ્રહ્માકુમારી નલિનીદીદીજી | આશિર્વાદનાં પાત્ર બનો / ક્ષમાભાવ માનવજીવનનું સર્વોત્તમ મૂલ્ય / કર્મયોગી સદા સુખી |
| બુધવાર, તા. ૧૭.૧.૨૦૧૮ થી ગુરુવાર, તા. ૨૫.૧.૨૦૧૮ } શનિવાર, તા. ૨૭.૧.૨૦૧૮ થી બુધવાર, તા. ૩૧.૧.૨૦૧૮ } | રોટરી કલબ ઓફ મુંબઈ – ઘાટકોપર ના સૌજન્યથી | સ્વાસ્થય મહોત્સવ |

### સાંજનું સત્ર : ૬.૩૦ થી ૮.૦૦ કલાક સુધી

**નોંધ : રવિવાર તા. ૨૧.૧.૨૦૧૮ ના દિવસે સમય સાંજના ૫.૦૦ કલાક**

| | | |
|---|---|---|
| સોમવાર, તા. ૧.૧.૨૦૧૮ | અજય તિવારી અને સાથી કલાકારો | સુનહરી યાદે / જૂના ગીતોનો અણમોલ ખજાનો |
| મંગળવાર, તા. ૨.૧.૨૦૧૮ | 'સૂર સંગમ' – સુધીર ગાંધી, ગોપન જોશી, પ્રિયા બાગવે, હિરલ પંડયા – જોશી | સૂરીલે નગમે / જીના ઈસીકા નામ હૈ.... (હિન્દી ગીતો) |
| બુધવાર, તા. ૩.૧.૨૦૧૮ | કિર્તિ મહેતા, સુબીરજી, સુશીલજી, સપના હેમાલી, અંજલિ, નિતિનજી અને રેવતી | મેરી આવાજ હી પહચાન હૈ.... |
| ગુરુવાર, તા. ૪.૧.૨૦૧૮ | શ્રી અતુલ મહેતા (પ્રજ્ઞાચક્ષુ) | આનેવાલા પલ.... (ગુલઝાર ના ગીતો) |
| શુક્રવાર, તા. ૫.૧.૨૦૧૮ | ગુજરાતી રંગભૂમિના જાણીતા કલાકારો – હેમાંગ વ્યાસ, રાજેશ્વરી ગાયકવાડ, સ્નેહા રાજુલ દિવાન, હેતલ જોશી, | નાટકમાં ધર્મ અને ધર્મમાં નાટક / પ્રવીણ સોલંકીના વક્તવ્ય સાથે / ત્રણ એકોક્તિ સુખ, સંતાન, દેવકી (પ્રસંગ અનુરૂપ ગીતો) |

**કાર્યક્રમો માણવા સહુને સ્નેહભર્યું આમંત્રણ**

**શ્રી સમીર સોમૈયા ❊ શ્રીમતી લીલાબેન કોટક**

**સત્વરે સંપર્ક : ડૉ. સુધા વ્યાસ (મો. ૯૮૬૭૪૧૧૩૪૧)**

### સાંજનું સત્ર : ૬.૩૦ થી ૮.૦૦ કલાક સુધી

| | | |
|---|---|---|
| શનિવાર, તા. ૬.૧.૨૦૧૮ | સ્વર સાધના / શ્રી અતુલ પંડયા (EXSOM) અને સાથી કલાકારો તથા ગિનિજ વર્લ્ડ રેકોર્ડ ધરાવનાર તબલાવાદક માસ્ટર તૃપ્તરાજ પંડયા | તુમકો ના ભૂલ પાયેંગે (મુકેશ ના સદાબહાર ગીતો) |
| રવિવાર, તા. ૭.૧.૨૦૧૮ | શ્રી સુરેશ જોશી, રેખા ત્રિવેદી | સપનામાં આવ્યા હરિ (ગુજરાતી ગીતોનો ગુલદસ્તો) |
| સોમવાર, તા. ૮.૧.૨૦૧૮ | કપીલ શેઠ અને સાથી કલાકારો | જૂના અને નવા હિન્દી ગીતો ની રમઝટ |
| મંગળવાર, તા. ૯.૧.૨૦૧૮ | સપના દાસ, હામીદખાન તરીન, મેહબુબ અને સાથી કલાકારો | મીલે સૂર મેરા તુમ્હારા |
| બુધવાર, તા. ૧૦.૧.૨૦૧૮ | જીગીશા રાંભિયા, સોની, અરવિંદ વેદાંત | મઠાં રે પા કચ્છજા માડુ (કચ્છી ગીતો) |
| ગુરુવાર, તા. ૧૧.૧.૨૦૧૮ | સંકલન: શ્રીમતી કોકિલા પોરેચા (ચેરપર્સન – લાયોનેસ ડિસ્ટ્રીક્ટ ૩૨૩ ૧ એર) | વરિષ્ઠ નાગરિકો દ્વારા પ્રસ્તુત નૃત્યસંગે (હિન્દી ચલચિત્રોના ગીતો) |
| શુક્રવાર, તા. ૧૨.૧.૨૦૧૮ | નેહા મહેતા / પ્રવક્તા – પ્રિતી શાહ | ગુજજુ ગુંજન (ગુજરાતી ગીતો) |
| શનિવાર, તા. ૧૩.૧.૨૦૧૮ | 'સરગમ' ચેતન મોદી, નીતા મટરેજા, અલ્પા છેડા,નિતિન દહિસરીયા, જયશ્રી શંકર | સૂર નો શ્રૃંગાર |
| રવિવાર, તા. ૧૪.૧.૨૦૧૮ | ચંદ્રિકાબેન ઠક્કર / ગુરુકૃપા સંગીત વિદ્યાલયના વિદ્યાર્થીઓ | રામ, રણછોડ ને રામદેવ ત્રણે એક સ્વરુપ |
| સોમવાર, તા. ૧૫.૧.૨૦૧૮ | અણમોલ ટેલેન્ટ કલબ દીપા વોરા અને સાથી કલાકારો | રંગારંગ નગમે (જૂના અને નવા હિન્દી ગીતો) |
| મંગળવાર, તા. ૧૬.૧.૨૦૧૮ | શ્રીમતી અનિલા મહેતા સંચાલિત મધુર મિલનના ભજનવર્ગની બેહનોના સંગે | મધુરમિલનની મસ્તી ... કાના સંગ ભક્તિ |
| બુધવાર, તા. ૧૭.૧.૨૦૧૮ | સંચાલન હિતેન આનંદપરા / કલાકારો – સ્નેહલ મુઝુમદાર, રેખા ત્રિવેદી | ન્હાનાલાલનો ગીત વૈભવ |
| ગુરુવાર, તા.૧૮.૧.૨૦૧૮ | રોકર્સ કરોકે કલબ : નીલેશ શાહ, રમેશ બખઈ અને સાથી કલાકારો | યાદ કીયા દિલને.... (હિન્દી ગીતો) |
| શુક્રવાર, તા.૧૯.૧૦૨૦૧૮ | સાગર કોટક અને મીના કોટક દ્વારા પ્રસ્તુત | સદાબહાર હિન્દી ગીતોની સાથે નૃત્ય ની રમઝટ |
| શનિવાર, તા.૨૦.૧.૨૦૧૮ | રાજ અય્યર, શીલ્પા, શલાકા, આરતી અને સાથી કલાકારો | સુન જા દિલ કી દાસ્તાન |
| રવિવાર, તા.૨૧.૧.૨૦૧૮ | શ્રી કૌશિક કોઠારી / ગોલ્ડન ગેટ ગ્રુપ અને સાથી કલાકારો | દુ:ખ ભરે દિન બીતોરે ભૈયા... (હિન્દી ગીતો) |
| સોમવાર, તા.૨૨.૧.૨૦૧૮ | કલાકારો :– મેહુલ બુચ, દિલીપ રાવલ, સેજલ પોન્દા, ડિમ્પલ આનંદપરા | એક પછી એક (વિવિધ એકોક્તિની પસ્તુતિ) |
| મંગળવાર, તા.૨૩.૧.૨૦૧૮ | વિક્રમ નિઝામા પ્રસ્તુત / કલાકારો – પંકજ કક્કડ, અમીષા દેસાઈ / પ્રવક્તા – પ્રવીણ વ્યાસ | શાંત ઝરૂખે.... (ગુજરાતી ગીતો) |
| બુધવાર, તા.૨૪.૧.૨૦૧૮ | પારુલ સુગંધી, પ્રકાશ પટેલ અને સાથી કલાકારો | મુજે કિસી સે પ્યાર હો ગયા.... (હિન્દી ગીતો) |
| ગુરુવાર, તા.૨૫.૧.૨૦૧૮ | નિર્મલ ઠક્કર, તેજશ્રી અને સાથી કલાકારો | હિન્દુસ્તાન હમારા હૈ..(દેશભક્તિના ગીતો) |
| શનિવાર, તા.૨૭.૧.૨૦૧૮ | મુકેશ જોષી – રાઘવ જોષી, સંજય પંડયા – પ્રીતા પંડયા, દિલીપ રાવલ – નૂપુર રાવલ, હેમંત કારીયા – અનિપ્રા કારિયા, હિતેન આનંદપરા – સૌમ્ય આનંદપરા | બે પેઢીનું કવિસંમેલન / પિતા – સંતાનની જોડી દ્વારા પ્રસ્તુતિ |
| રવિવાર, તા.૨૮.૧.૨૦૧૮ | શ્રીમદ્ વલ્લભ ભાટીયા મહિલા મંડળ / શ્રીમતી કોકિલા પોરેચા, શ્રીમતી રીટા ઠક્કર, / નૃત્ય દિગ્દર્શિકા – ડૉ. દર્શના પોરેચા | વ્રજયાત્રા |
| સોમવાર, તા.૨૯.૧.૨૦૧૮ | મહેશ ગોંડલીયા, દિપક પારેખ, સ્મીતા રસાલ, નીશા મહેતા અને સાથી કલાકારો | ગાયે જા ગીત મીલન કે.... (હિન્દી ગીતો) |
| મંગળવાર, તા.૩૦.૧.૨૦૧૮ | કલ્પના મહેતા, જયેશ વ્યાસ, જયેશ મહેતા / પ્રવક્તા – કવિતા પારેખ અને સાથી કલાકારો | સૂરમાઈ સાંજ મારી વેણીમાં ચાર ચાર ફૂલ (ગુજરાતી ગીતો) |
| બુધવાર, તા.૩૧.૧.૨૦૧૮ | તરલા શાહ, રાજુ સદારંગની અને સાથી કલાકારો | 'ગુંજન'ગીતો કી શામ આપકે નામ |

☎ : 022-40229684

# વોઈસ ઓફ ઘાટકોપર

ઓફિસ : એ-૧, બેઝમેન્ટ, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.

વર્ષ : ૯ ● અંક : ૪૮ ● સળંગ અંક : ૩૮૦ ● મુંબઈ ● શુક્રવાર ● તા. ૨૯ ડિસે. ૨૦૧૭ – ૪ જાન્યુ. ૨૦૧૮ ● પાના : ૧૬ ● કિંમત રૂા.૪

વિદેશ ભણવા જતા વિદ્યાર્થી તથા લોકો (ટ્રાવેલર્સ) માટે
ડીહાયડ્રેટેડ ફુડ પેકેટ્સ (રેડી ટુ ઈટ) ફુડ મળશે

SWEET AN SOR

Prop. : Rayshi Bachubhai & Co.

મોતીમહલ, કામાલેનની સામે, એમ.જી.રોડ,
ઘાટકોપર(વેસ્ટ), મુંબઈ-૮૬. ફોન : 25103759

# ફેરિયામુક્ત ઘાટકોપર માટે નગરસેવક પરાગ શાહે માગ્યો જનતાનો સાથ

**આવો સ્પષ્ટ મત સોમવાર તા.૨૫ ડિસેમ્બરે નગરસેવક પરાગ શાહના નેતૃત્વમાં થયેલી પબ્લિક મિટીંગમાં વ્યક્ત કરવામાં આવ્યો; ઘાટકોપરમાં ફક્ત ૨૫૬ ફેરિયાઓ લાઈસન્સ ધરાવે છે**



ઘાટકોપરના વિસ્તારોને આવરી લેતા બીએમસીના 'એન' વોર્ડમાં ફક્ત ૨૫૬ ફેરિયાઓ પાસે લાઈસન્સ છે. આ સિવાયના બધા જ ફેરિયાઓ ગેરકાયદે તેમનો ધંધો કરી રહ્યા છે. આવો ઘટસ્ફોટ





સોમવારે રાતના ઘાટકોપર-ઈસ્ટના પારસધામમાં લીધેલી એક પબ્લિક મિટીંગમાં ગારોડિયાનગર-રાજાવાડી વિસ્તારોને આવરી લેતા બીએમસીના વોર્ડ નં.૧૩૨ના બીજેપીના પરાગ શાહ દ્વારા કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં રહેવાસીઓ ફેરિયાઓનો વિરોધ કરવા રોડ પર ઊતરી આવ્યા હતા.

આ મિટીંગના વક્તાઓની ઘાટકોપરવાસીઓને એક જ અપીલ હતી કે સ્થાનિક રહેવાસીઓ માટે દૂષણરૂપ અને આર્થિક રીતે




મજબૂત ફેરિયાઓને હટાવવા માટે સૌએ ખાઉગલીઓનો નિષેધ કરવાની જરૂર છે. હિંગવાલા લેન ફેરિયામુક્ત કરવા માટે જે રીતે સ્થાનિક રહેવાસીઓએ એક થઈને લડત ચલાવી એવી જ રીતે ઘાટકોપરને ફેરિયામુક્ત કરવા માટે સૌએ એક થવાની જરૂર છે.

**(અનુસંધાન ૫માં પાને)**

HREZZO

LIKE NO PLACE ELSE

BINGE AND PARTY AT GHATKOPAR'S NEWEST VENUE







A 5000 Sq. Ft. Luxurious Yet Simplistic Open Air Café, Party Hall With A Pocket-friendly Array Of Vegetarian, Vegan, Oriental, Italian, Jain And Fusion Options Coupled With Health Juices, Tea, Coffee, Shakes And Your Refreshing Smoothies.

Email ID: info@hrezzo.in
For Party Hall (50-150 Pax) / Table Reservations, Call: +91 98195 88242 / 022 25101010
Address: 1, Neelkanth Corporate Park, Kirol Road, Vidyavihar West, Mumbai - 400086.

@eatathrezzo

PURE VEG

# ક્લાસિફાઈડ્સ

**વોઈસ ઓફ ઘાટકોપર**

**જાહેરખબરના દર**

ક્લાસિફાઈડ્સ જાહેરખબર ૧૫ શબ્દોના રૂા. ૯૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા. ૪. જાહેરખબર બુધવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે.

**જાહેરખબર પ્રગટ કરવાની સામગ્રી કાર્યાલયમાં આપો ઘાટકોપર ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર**

**-: ઓફિસ :-**

એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.

સંપર્ક : ૯૦૨૨૨૭૯૬૮૪

voiceofghatkopar@gmail.com

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે વોઈસ ઓફ ઘાટકોપર કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે વોઈસ ઓફ ઘાટકોપરના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય. - સંચાલક

## ધંધાકીય

**LIC (ભારતીય જીવન વીમા)**

Do You Want Permanent Extra Income For Generations? India's No.1 Financial Institution "New, Different & Better" Join as a "Saving Advisor". **Dilip Parande - 98202 96081.** (031) 431

## ધંધાકીય

**સોસાયટી ઈલેક્ટ્રીક બોર્ડ વાયરીંગ,** ચેન્જ ઓફ નેમ, કરેક્શન ઓફ એડ્રસ ઈન રીલાયન્સ, ટાટા પાવર, રેશનીંગ કાર્ડ, મહાનગર ગેસ વગેરે. ઘાટકોપર - ચેમ્બુર (ઈસ્ટ અને વેસ્ટ).
**C.K. Lala**
**98195 49491**
**99209 90083** (R-94)

We Provide Office Stationary Printing Like Visiting Cards, Letter Head Envelops, Bills, Challan, Voucher etc... **Contact : Chintan Graphics: 25084463/ 64/65, 9821154326** (0000)

**Computer Class Ghatkopar (East)**

MS Office, Tally Rs.1500, Photoshop, Corel Rs. 2000, Autocad Rs. 5000, ICT Rs.3000. **Chintan Sir - 80975 09493**

ફેમિલી ફ્લોટર પોલીસી ૩ લાખથી ૨૫ લાખ, ૧ થી ૭૫ વર્ષ - મેડિકલ વગર/ મેડિકલ સાથે કેશલેશ કાર્ડ, ફુલ કવર. **દિલીપભાઈ - 9820481397** (0)430

**રીટેલર્સ, હોલસેલર્સ, ડીસ્ટ્રીબ્યુટર્સ, વિતરકો આવકાર્ય. પ્રખ્યાત બ્રાન્ડની લેડીઝ ઈનર ગારમેન્ટ્સ કોટન અને હોઝીયરીનાં વેચાણ અર્થે નિમણુક કરવાના છે. એરીયા મુંબઈથી દહાણુ, કર્જત, કસારા સુધી તેમજ પૂના નાસિક, કર્ણાટકા અને બેંગ્લોર**
**શૈલેષભાઈ વિરાણી**
**9321023238, 9082764004**

એલ્યુમિનિયમ સ્લાઈડીંગ બારીઓ રીપેરીંગ અને નવી કરી આપશું. **ભરતભાઈ - 9730402879, 79772 67990** (023/431)

IEC (IMPORT EXPORT CODE), MEIS, ADVANCE AUTHORISATION, EPCG, SEIS, DRAWBACK, GST-LUT, EXPORT HOUSE – **9820936980.** (00) 431

**માઈન્ડ બ્લોઈંગ કેટરર્સ**

શુભપ્રસંગો કેટરીંગનો ઓર્ડર, સિઝનલ ખાદ્યપદાર્થો, ઓર્ડર મુજબ જૈન ફૂડ રસોઈયો મળશે. **93243 35478.** (033) 431

## ધંધાકીય

**જાગૃત ન્યુટ્રીશન સેન્ટર**

વજન ઘટાડો / વધારો / તંદુરસ્ત જીવનશૈલી. ફ્રી બોડી માસ ઈન્ડેક્સ ચેકઅપ એન્ડ કાઉન્સેલીંગ. **સંપર્ક - નિતીન પટેલ (વેલનેસ કોચ) 91670 04003, 99692 77629.** સ્પેશિયલ ડિસ્કાઉન્ટ માટે એપોઈન્ટમેન્ટ જરૂરી છે. **એડ્રસ : જાગૃત ન્યુટ્રીશન સેન્ટર,** બાલ્કનજી બારીની બાજુમાં, રાજાવાડી ગાર્ડનની સામે, ઘાટકોપર(ઈસ્ટ). સમય - સવારે ૭ થી ૧૦. (0000)

**Earn In Free Time**

Part Time Work Zero Investment Flexible Timing Training Provided. **Call - 99876 11661.** 11 to 5. (014) 427

**Earning Opportunity**

Mutual Fund Post Office Insurance Agents Increase Your Income Without Disturbing Your Current Ocupation. **Call : 99876 11661.** 11 to 5. (013) 427

ગ્રાફીક ડિઝાયનીંગ તથા ડી.ટી.પી.મલ્ટીકલર કેટલોગ, ફ્લાયર, પોસ્ટર, કમ્પ્યુટર સ્ટેશનરી, ઓફિસ સ્ટેશનરી, વિઝીટીંગ કાર્ડ, લેટર હેડ, એનવેલપ, બીલ, ચલન તથા દરેક જાતના ગુજરાતી, હિન્દી, મરાઠી તથા અંગ્રેજીમાં ગ્રાફીક ડિઝાયનીંગ તથા ડી.ટી.પી.નું કામ વ્યાજબી ભાવે ત્વરીત કરી આપવામાં આવશે. **ચિંતન ગ્રાફિક્સ** - ઘાટકોપર (ઈસ્ટ) : **98211 54326, 9833664426** (0000)

**VIGNESH TRADERS**
Drinking Water Supplier
**Sushilkumar**
**70395 68473, 99677 31574**
Shivneri Chawl, Siddharth Nagar, Gajana Maharaj Mandir, Marge, Bhatwadi, Ghatkopar (W), Mumbai - 84.

## ધંધાકીય

**JHM Tax Consultants GST Registration**

GST એકાઉન્ટીંગ એન્ડ બુક કિપીંગ, GST રીટર્ન ફાઈલીંગ, રજીસ્ટ્રેશન. **સંપર્ક : 79770 53272.** (028) 431

ગેરેન્ટેડ રીપેર A.C., LCD, LED, ફ્રીજ, વોશીંગ મશીન, માઈક્રોઓવન, કોમ્પ્યુટર, સીસીટીવી. **હેમંતભાઈ : 99203 02624, 93228 02125.** (026) 431

**ૐ કવર**

LCD, ટ્રોલી, બેગ, ઓવન, વોશીંગ મશીન, ડાયનીંગ ટેબલ, કોમ્પ્યુટર, સાડી વગેરે. **બીના : 99206 611235.** (025) 431

For Society / Company Accounts, Income Tax Return Filing, TDS Returns, GST Returns. Vinod Joshi : **98205 93177.** (035) 431

**પાસપોર્ટ**

શું પાસપોર્ટ નથી? ઝડપી અને સરળ રીતે તાત્કાલિક બનાવવા તેમજ એર ટિકિટ (ડોમેસ્ટિક). **93230 32320.** (029) 431

## આરોગ્ય

માંદા માણસોની સંભાળ રાખવા, તેમજ નર્સ, વોર્ડ બોય, આયા પણ મળશે. દિવસ રાત્ર ૮,૧૨,૨૪ કલાક સેવા માટે સંપર્ક કરો. **ઉષા ખરાત - 9833266380, 9769672467** (6142/392)

## મહિલા માટે

**રંગોળી ક્લાસીસ**

ઝટપટ ગાલીચા રંગોળી, શુભ પ્રસંગોના નવગ્રહ + શુભચિન્હોના સમુહ સાથે રંગોલીના ઓર્ડર સ્વીકારવામાં આવશે. **સંપર્ક - 81080 74440.** (014) 427

## જગ્યા સંબંધી

**શ્રી એસ્ટેટ એજન્સી**

ઘર, મકાન, દુકાન, પ્લોટ્સ લેવા અથવા વેચવા સંપર્ક કરો. **93240 17291, 98700 56751.** (032) 431

**ભાડાનાં સ્પેશિયાલીસ્ટ**
**ઘાટકોપરથી ચેમ્બુરમાં રેસીડેન્ટીયલ/કમર્શિયલ રૂા.૧૮,૦૦૦થી રૂા.૧,૫૦,૦૦૦ સુધી આપવા લેવા માટે**
**ચિંતન દેસાઈ**
**શ્રી મહાલક્ષ્મી રીઅલટર્સ**
**9321234567**

**ઓફિસ વેચવાની છે**

મુલુંડ(ઈસ્ટ) સ્ટેશન પાસે કમર્શિયલ પ્રિમાઈસીસ, ૩૮૦ કારપેટ, કાર પાર્કીંગ, ઉજા માળે, એજન્ટ આવકાર્ય. **સંપર્ક - 75062 62404, 98690 26086.** (402)

**ઘાટકોપર/તિલકનગર**

નાના-મોટા ફ્લેટ/ઓફિસ/ દુકાન ભાડેથી/વેચાણથી, લેવા / આપવા **માર્સ પ્રોપર્ટીઝ - દિનેશભાઈ - 8879293996.** (428)

**જયેશ કાંતિલાલ મહેતા**

એસ્ટેટ એજન્ટ, સેલ્સ, પરચેસ, લીઝ. **જયેશભાઈ - 022-21024389, 98701 30730.** Email - jayeshmehta8686@gmail.com (018)430

**મરણનોંધ માટે**
સંપર્ક : ૯૮૬૯૦૩૮૦૯૫
૯૦૨૨૨૭૯૬૮૪

## ટુર અને ટ્રાવેલ્સ

પિકનિક ગ્રેટએસ્કેપ, રોયલ, એસેલવર્લ્ડ, સરગમ, માંડવી, સાયલેન્ટ, ઈમેજિકા અને પ્રાઈવેટ રિસોર્ટ ઉપલબ્ધ. **શ્રેયસ - 9930346152** (004)389

**Divine Travel Solutions (IATA)**

Air Tickets - Railway Bookings, Car Rental - Holiday Packages. **Sunil Ravjiani - 98696 52504.** (019)430

**ચૌવિહાર વ્યવસ્થા સાથે ટુર**

એર ટિકિટ સાથે / સીવાય સંપૂર્ણ ભારતમાં આયોજન. **ગુરૂકૃપા : 95942 86900.** (021) 431

**ફક્ત જૈન મેનું ટુર**

શીખરજી - લેહ - કાશ્મીર - હીમાચલ - નૈનિતાલ - સીક્કીમ - કેરાલા - કુર્ગ - સાઉથ - ગુરૂકૃપા. **93244 08369.** (021) 431

## મિઠાઈ-ફરસાણ

**જે.કે.ઉદ્યોગ - મિઠાઈ ફરસાણ**

ખાખરા ફરસાણ પુરણપોળી જેવી વાનગીઓ ઓર્ડર લેવામાં આવે છે. **97698 64609, 99678 42170.** (009) 427

## મનોરંજન

**Orator - Comperor, Event Organiser**

Prarthna - Lagnageet, Sangeet Sandhya - Sanji, Mehendi Rasam. **Chhaya Pravar Koticha - 9324926668 / 9029933775** (00)430

**પરમયાત્રા સેવા (વાહિની)**
સ્વજનના મૃતદેહને અગ્નિસંસ્કાર માટે સ્મશાને લઈ જવા માટે A.C. વેનની નિઃશુલ્ક સુવિધા
સંપર્ક
**પારસધામ - અર્હમ યુવા સેવા ગૃપ ઘાટકોપર**
**9699996672, 25015152, 25015354**

**ડાયપર માટે**
**અંબિકા ટ્રેડીંગ કાં.**
**દરેક પ્રકારના એડલ્ટ કેર-બેબી કેર પ્રોડક્ટ હોલસેલ તથા રીટેલ ભાવે આપના ઘરે મળશે**
એડલ્ટ ડાયપર (M/L/X/L)
બેબી ડાયપર (M/L/X/L/S)
હોલસેલ ભાવે મળશે
ફ્રી હોમ ડિલેવ્હરી
**9323507848**
**9619907848**

## ફેરિયામુક્ત ઘાટકોપર માટે નગરસેવક પરાગ શાહે માગ્યો.. (૩જા પાનેથી ચાલુ)



ફેરિયાઓ પાસે ખાવાથી જનતા હપ્તાખોરી, ભ્રષ્ટાચાર અને કાળા બજારને પ્રોત્સાહિત કરે છે જેના પર નિયંત્રણ લાવવાની તાતી જરૂર છે.

આ મિટીંગમાં પરાગ શાહે જનમેદનીને કહ્યું હતું કે 'ફેરિયાઓને હટાવવા માટે બીએમસીના 'એન' વોર્ડના અધિકારીઓ અને પોલીસ પબ્લિકની સાથે જ છે, પરંતુ અમારી બધાની સફળતા ઘાટકોપરની પ્રજાના સાથ સહકાર પર નિર્ભર કરે છે. પ્રજાએ પણ હવે ફેરિયાઓ પાસે ખાવાનું બંધ કરવાની જરૂર છે.'

આ મિટીંગ ઘાટકોપરને ફેરિયામુક્ત કરવાની આગળની રણનીતિ નક્કી કરવા માટે લેવામાં આવી હતી. જેમાં ભૂતપૂર્વ નગરસેવિકા ફાલ્ગુની દવે, બીજેપીના સિનીયર કાર્યકરો, વિનાયક કામથ, વિકાસ કામત, વિદ્યુત કાજી અને પરાગ શાહની ટીમના અનેક કાર્યકરોએ હાજરી આપી હતી.

## એમ.જી.રોડ પર સાંજના સમયે ગાડીનો કાચ તોડીને ચોરી



ઘાટકોપર(ઈ) એમ.જી.રોડ ખાતે શુક્રવાર તા.૨૨ ડિસેમ્બરનાં રાત્રે ૮.૪૫ કલાકે મારૂતિ સુઝુકી કારનો કાચ તોડીને ચોરોએ કારની અંદર રહેલ રોકડ રકમ તથા વસ્તુઓ ચોરી લીધી હતી. મુખ્ય વાત એ છે કે એમ.જી.રોડ અને ખાઉ ગલી - ઉડીપી હોટલ સામે ઉભેલ ગાડી ભરચક વિસ્તાર હોવા છતાં ચોરોએ ગાડીનો કાચ તોડીને ૧૧,૦૦૦ જેટલી માલમત્તા ફક્ત થોડા સમયમાં ચોરી લીધી હતી.

## મનપા દ્વારા વોર્ડ અનુસાર સ્વચ્છતા અભિયાન હેઠળ અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી બજાવનારને પ્રશસ્તી પત્ર એનાયત કરાયા

ઘાટકોપર(ઈ) અંજારીયાવાડી ખાતે રહેતા જાણીતા કાર્યકર ધર્મેન્દ્ર વ્યાસને સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત ઉલ્લેખનીય કાર્ય માટે ગૌરવચિન્હ તથા પ્રશસ્તી પત્ર આપી મનપા એન વોર્ડ ઘન કચરા વ્યવસ્થાપન વિભાગ દ્વારા સન્માનિત કરવામાં આવેલ.





## પ્રકાશ ચંદે આયોજીત મેમરી પાવર વર્કશોપને સુંદર પ્રતિસાદ



સ્મરણ શક્તિ ઓછી થઈ ગઈ છે એવી લાગણી સર્વત્ર જોવા મળી રહી છે. આવી પરિસ્થિતિમાં શ્રી પ્રકાશ ચંદે દ્વારા યોજાતા મેમરી પાવર વર્કશોપ આશાના કિરણ બની રહ્યા છે. નાના-મોટા બધાની સ્મૃતિ શક્તિ કેવી રીતે વધારી શકાય એ માટેનો એક વધુ વર્કશોપ શ્રી પ્રકાશ ચંદે દ્વારા રવિવાર તા. ૨૪-૧૨-૧૭ના રોજ આયોજિત કરવામાં આવ્યો હતો. મુલુંડ પશ્ચિમમાં સુભાષ રોડ પર પરમેશ્વરી પ્લાઝામાં ડી.એસ.વાસ્તુઝોનમાં આયોજીત આ વર્કશોપમાં ૧૦ થી ૭૦ વર્ષ સુધીની વ્યક્તિઓએ લાભ લીધો હતો. પાંચ કલાકના આ વર્કશોપ દરમ્યાન મેમરી પાવર ટેકનીક, મેમરી માટે યોગ, કસરત, મુદ્રાઓ, એક્યુપ્રેશર પોઈન્ટ શીખવવામાં આવ્યા હતા. અંતિમ તબક્કામાં મેમરી ગેઈમ રસપ્રદ બની રહી. પોતાની યાદદાસ્ત ખીલી છે એવો એહસાસ આ લાભાર્થીઓને થયો હતો. કાર્યક્રમ દરમ્યાન સ્થળ માટે સહયોગ આપનાર વાસ્તુશાસ્ત્રી શ્રી દીપકભાઈ શાહે વાસ્તુશાસ્ત્ર અને રેકીની ઉપયોગી માહિતી આપી હતી.

આમંત્રિત મહેમાન તરીકે પધારેલા શ્રી લાલજી સરે પણ પોતાના બે શબ્દોમાં પ્રકાશ ચંદેના યોગ શિક્ષક, સંગીત તજજ્ઞ અને હવે મોટીવેટર તરીકેની બહુમુખી પ્રતિભાની પ્રશંશા કરી હતી. હમારા મુલુંડના તંત્રી શ્રી બીપીન પંચાલ, અમદાવાદથી આવેલ શ્રી અતુલ કતીરા તેમજ હેમાબેન ગાંધી પણ આમંત્રિત મહેમાન તરીકે ઉપસ્થિત હતા. લાભાર્થી અર્પણ હેમંત માણેક પણ હેલ્પીંગ હેન્ડ બની રહ્યો હતો. મુલુંડના અગ્રણી પેપરો અરસપરસ, મુલુંડ ન્યુઝ, ગુર્જરમાતનો પણ આ મેમરી પાવર વર્કશોપ માટે સહયોગ મળતો રહે છે.

આવા મેમરી પાવર વર્કશોપ હજી થવા જોઈએ એ ઈચ્છાને માન આપી શ્રી પ્રકાશ ચંદે (૯૮૧૯૮ ૩૫૨૮૬) દ્વારા વધુ એક મેમરી પાવર વર્કશોપનું આયોજન રવિવાર તા. ૭-જાન્યુઆરી-૨૦૧૮ના બપોરે ૧-૩૦ કલાકે આ જ સ્થળે કરવામાં આવ્યું છે. મર્યાદિત ૨૦ સંખ્યામાં લેવાના હોવાથી 'વહેલો તે પહેલો'ના ધોરણે નામ લેવામાં આવશે.


||હરિ ૐ||

**બ્રહ્માંડ જ્યોતિષ સંસ્થાન**

Reg. No.: Bom. Public Trust Act., 1950, E-25983 (MUM)

જ્યોતિષ શાસ્ત્ર, હસ્તરેખા, વાસ્તુ શાસ્ત્રના વર્ગો,
જાન્યુઆરીથી નવાસત્રનો આરંભ
ગુજરાતી તથા હિન્દી માધ્યમ. ત્રિવર્ષીય સર્ટિફીકેટ અભ્યાસક્રમ
સામુદ્રિક શાસ્ત્ર, રમલ શાસ્ત્ર, પ્રશ્ન કુંડળી, એન્જલ થેરાપી,
ઔરા વૈજ્ઞાનિક શાસ્ત્રના વિશિષ્ટ વર્ગો

: અભ્યાસના કેન્દ્રો :

**ઘાટકોપર - મુલુંડ - વિલેપાર્લે**

: અધ્યાપક ગણ :


શ્રીમતી બિંદુ શાહ • શ્રી વિતેશ મહેતા • શ્રીમતી અરૂણા ભીમાણી
શ્રીમતી સેજલ શાહ • શ્રી સંજય કામદાર • શ્રી જયેશ ગોર
શ્રી મેહુલ જાની • શ્રીમતી માધવી સિંહ • શ્રીમતી રીના જાની

: સંપર્ક :

**7208256663 / 9819331199**

# શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ - કલ્ચરલ ફોરમ અને સિંધુ મહેતાના માધ્યમે સૌરભ શાહનું પ્રવચન યોજાયું







મોદી પહેલાનું ભારત, મોદી પછીનું ભારત એ વિષય પર ઘાટકોપર બ્રાહ્મણ સમાજનાં પહેલા માળે એ.સી.હૉલમાં સૌરભ શાહનું મનનીય પ્રવચન સાંભળવા ‘સૌરભ ભક્તો’ અને ‘મોદી ભક્તો’ ઉમટી પડયા હતાં. ઘાટકોપર તા.૨૫ ડિસેમ્બરનાં શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ કલ્ચરલ ફોરમ અને સિંધુ મહેતા દ્વારા આ પ્રવચનનું આયોજન કરવામાં આવેલ, જેમાં કેબિનેટ મિનીસ્ટર પ્રકાશ મહેતા, નગરસેવિકા બિંદુ ત્રિવેદી, ભૂ.નગરસેવક અશ્વિન વ્યાસ, જ્યોતિન્દ્ર દવે વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.





# શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીયશાળા – ગુજરાતી માધ્યમ દ્વારા વાર્ષિક રમતોત્સવની શાનદાર ઉજવણી




શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીયશાળા - ગુજરાતી માધ્યમનો વાર્ષિક રમતોત્સવ શનિવાર તા.૨૩-૧૨-૨૦૧૭ના રોજ શાળાના ભવ્ય પ્રાંગણમાં જોશપૂર્વક ઉજવવામાં આવ્યો. મુખ્ય મહેમાન શ્રી જતીન ભાઈ કોઠારી જેઓ ઘાટકોપરના પ્રખ્યાત અખબાર ‘વોઈસ ઓફ ઘાટકોપર’ના સંપાદક છે સાથે ગુજરાતી ભાષણમાં ત્રિપલ પોસ્ટ ગ્રેજ્યુએટ કરી સમાજસેવાના ક્ષેત્રમાં પરિશ્રમ તથા હોંશિયારીપૂર્વક કામ કરી રહ્યા છે.

રમતોત્સવ મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રહેલા સુપ્તગુણોને ચાલના મળે, ખેલદિલીપૂર્વક હારજીતને સ્વીકારતા શીખે, માનસિક, શારિરીક વિકાસ થાય, તાજગી સાથે સ્ફૂર્તિનો અનુભવ કરે. સૂઝબૂઝથી રમે, નિયમિતતા તથા નેતૃત્વના ગુણો ખીલે છે. આ હેતુને લક્ષમાં રાખી, તા.૧૩ ડિસેમ્બરથી તા.૨૨ ડિસેમ્બર સુધી ધોરણવાર વિવિધ





સ્પર્ધાઓમાં સક્રિય ભાગ લીધો. તા.૨૩ ડિસેમ્બરના ‘સ્પોર્ટસ ડે’ના ફાઈનલ સ્પર્ધાઓ રાખવામાં આવી. જેમાં દોડતી, લીંબુ ચમચા, ફુગ્ગાફોડ વગેરે ફાઈનલમાં આવેલ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ




લીધો. ચેમ્પિયનશીપ ગેમ ધો.૮ થી ૧૦ માટે રાખેલ જેમાં ૧૦૦ મીટર દોડ, અવરોધ રેસ તથા ઝીકઝેક રેસ લેવામાં આવી. ટીમ ગેમમાં ખોખો ટીમ, કબ્બડી ગેમ પણ લેવામાં આવી ધોરણ ૧૦માં રસ્સીખેંચ ટીમગેમનો ઉત્સાહ અનેરો જોવામાં આવ્યો.

વિજેતા વિદ્યાર્થીઓને મુખ્ય મહેમાનના વરદ્ હસ્તે ઈનામ તથા ટ્રોફી આપી નવાજવામાં આવ્યા. ધોરણ ૮-એ ના કુ.વિકી કિરણ સારોલિયા પ્રથમ ચેમ્પિયનશીપ અને ધોરણ ૯-બી નું કુ.કૃપા કનૈયાલાલ ભાનુશાલી દ્વિતીય ચેમ્પિયનશીપ ટ્રોફી મેળવે છે.

શાળાના માનદ્મંત્રી શ્રી ચંદ્રકાંતભાઈ શાહની ઉપસ્થિતિમાં તથા શાળાના આચાર્ય શ્રીમતી ઉષાબેન પંડયા સાથે શારિરીક શિક્ષણ લેતા શિક્ષીકાબેનના સાથ સહકાર તથા માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.



# ૮૯મા ટ્રી એપ્રિસિયેશન વોક ઈન ધ સિટી ખાતે નાગરિકો દ્વારા દુર્લભ આયુર્વેદનાં છોડ અને તેના લાભો વિશે જાણકારી પ્રાપ્ત કરાઈ





જીએમ હોસ્પિટલમાં ઔષધિ વિભાગનાં પ્રમુખ તરીકે ત્રણ દાયકાની સેવા આપનાર ડો. ઉષા દેસાઈ અને સોમૈયા આયુર્વિહાર કેમ્પસ, સાયન ઈસ્ટ ખાતે સોમૈયા ટ્રસ્ટ દ્વારા વિકસિત ઔષધિ આયુર્વેદ બાગ વનસ્પત્યમ ખાતે સેંકડો વોક્સના આગેવાની કરનારા ઝાડના નિષ્ણાત રેની વ્યાસ દ્વારા આયોજિત ૮૯મા ટ્રી એપ્રિસિયેશન વોક માટે રવિવારે સવારે ૮ વાગ્યે અંધેરી, ચેમ્બુરથી લઈ ઘોડબંદર રોડ સુધીના ૭૦થી વધુ નાગરિકોએ હોંશભેર ભાગ લીધો હતો. આ સહભાગીઓમાં વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, નિવૃત્ત અધિકારીઓ અને જ્યેષ્ઠ નાગરિકોનો સમાવેશ થતો હતો. આ વોક સવારે ૮ વાગ્યાથી આરંભ કરતાં અઢી કલાક ચાલ્યો હતો. સહભાગીઓને ૬૧ જાતિનાં છોડ જોવા મળ્યાં હતાં, જેમાંથી અમુક અત્યંત દુર્લભ જાતિનાં હતાં.

ડો. દેસાઈ કફના ઉપચારમાં ઉપયોગ કરાતા છોડ એડલ્સા અથવા સંસ્કૃતમાં વસા છોડ સાથે તેમના વોકની શરૂઆત કરી હતી. એક સહભાગી તો આયુર્વેદિક ઔષધિમાં ત્રિફળા ચૂર્ણની મહત્ત્વપૂર્ણ સામગ્રી હરડાનાં ફળો આપતું હેરડાનું ઝાડ જોવા માટે ખાસ પધાર્યા હતા. આર જે કોલેજ, ઘાટકોપરનાં પ્રિન્સિપાલ ડો. ઉષા મુકુંદન પણ પોતાના અમુક વિદ્યાર્થીઓ સાથે આવ્યાં હતાં. તેમણે જણાવ્યું હતું કે આ બાગ આ મહાનગર માટે હરિત ફેફસાંનું કામ કરશે. આથી તે વિકસાવવાના ઉત્કૃષ્ટ પ્રયાસો માટે સોમૈયા ટ્રસ્ટ અભિનંદનને પાત્ર છે.

ઘાટકોપર, રાજાવાડીનાં ગૃહિણી લક્ષ્મી ઐયરના બાળકો ઘસ સોમૈયા સ્કૂલમાં ભણે છે. તેમણે જણાવ્યું હતું કે મારા સંતાનને આ બાગનો આનંદ લેવા મળ્યો તેની મને ખુશી છે. હું પણ બાળકો માટે આવા વોક્સનું આયોજન કરીશ.

સેન્ટ ઝેવિયર્સ કોલેજની એમએસસી ટેક્સોનોમીની વિદ્યાર્થિની કિરણ શર્માએ જણાવ્યું હતું કે છોડ જોવાની મને બહુ ખુશી થઈ. મેં આ બાગ વિશે ઘણું સાંભળ્યું હતું, પરંતુ આજે પ્રત્યક્ષ અનુભવ લેવા મળ્યો તેથી મારી ખુશીનો કોઈ પાર નથી. ઔષધિ બોટની અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે આ અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

ખાલસા કોલેજના નિવૃત્ત માઈક્રોબાયોલોજિસ્ટ ડો. રાનડેએ જણાવ્યું હતું કે નિવૃત્તિ પછી મારો એક શોખ છોડવાંઓનો અભ્યાસ કરવાનો છે અને વનસ્પત્યમ ખાતે આ ટ્રી એપ્રિસિયેશન વોકને લીધે જડીબુટ્ટીઓ વિશે જાણવાની મારી ઈચ્છાઓ સંતોષાઈ છે.

વોકનાં આયોજક ડો. ઉષાએ જણાવ્યું હતું કે મેં ભાગ્યે જ આવો સુસંગઠિત બાગ અગાઉ જોયો છે અને તે ઉત્તમ ઔષધીય છોડના બાગમાંથી એક છે. મને અહીં ચાલવા માટે માર્ગ બનાવ્યો છે તે સૌથી વધુ ગમ્યો, જેને લીધે લોકો આ ઝાડ આસપાસથી ચાલીને તેનો આનંદ લઈ શકે. આ બાગ વિશ મને ગૌરવની લાગણી થાય છે. અમે દર વર્ષે એક વાર ઔષધીય છોડ ગાર્ડન વોકનું આયોજન કરીશું અને વિદ્યાર્થીઓમાં તેને લોકપ્રિય બનાવીશું. અહીં આયુર્વેદમાંથી સંસ્કૃતિ શ્લોક પણ જોવા મળે છે, જે આયુર્વેદિક ડોક્ટરોને આકર્ષે છે.

રેનીએ જણાવ્યું હતું કે શહેરમાં આ સૌથી ઉત્તમ રીતે જળવાતા અને ઉત્તમ બાગમાંથી એક છે. લોકોને અહીં એક સ્થળે પહેલી જ વાર આટલી બધી જાતિઓ જોવા મળે છે, જે તેમને મોહિત કરે છે. અમને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો તેનાથી બેહદ ખુશી છે. એક મહિલા કેમોથેરપીનો ઉપચાર લેતી હતી, જેણે ઉપચારથી રાહત મેળવવા માટે આમળા અને લીંબુંનો રસ લેવાનું ચાલુ રાખ્યું છે એ જાણીને સૌકોઈને નવાઈ લાગી હતી.

વનસ્પત્યમે જ્યેષ્ઠ નાગરિકો સાથે બોટની, આયુર્વેદ, હોર્ટિકલ્ચર અને લેન્ડસ્કેપ આર્કિટેક્ટરના વિદ્યાર્થીઓને પણ વિસ્મયમાં મૂકવાનું ચાલુ રાખ્યું છે. વ્યસ્ત મહાનગરમાં આ એકમાત્ર અનોખો બાગ છે. સ્થાપકોએ છોડવાં વિશે જ્ઞાન વહેંચવાનો સંકલ્પ કર્યો છે તે ખરા અર્થમાં સફળ થયો છે. ધ સોમૈયાના વ્યવસ્થાપકોએ જાહેર જનતા માટે પણ આ બાગ ખુલ્લો મૂક્યો છે.

# સોમૈયા આરઆઈઆઈડીએલના મેકર મેલા ૨૦૧૮માં દેશભરમાંથી ૧૦૦ ટીમો ભાગ લેશે

ડિસેમ્બર ૨૦૧૭:સોમૈયા આરઆઈઆઈડીએલ મેકર મેલા ૨૦૧૮ લાવી રહી છે, જે નાવીન્યતા, ક્રિયાત્મકતા અને ટેકનોલોજી પ્રદર્શિત કરતું વાર્ષિક ત્રણ દિવસનું પ્રદર્શનનું આ ત્રીજું વર્ષ છે. આ અનોખી પહેલ મેકર મેલા દ્વારા દેશભરના ઈનોવેટર્સ પાસેથી અરજીઓ મગાવવામાં આવી હતી, જેમાં ૧૦૦ અરજી તેમના આઈડિયાને આધારે પસંદ કરવામાં આવી છે.

આ વખતે ૧૧ જાન્યુઆરી, ૨૦૧૮થી ચાલનાર ત્રણ દિવસના મેકર મેલા ઈનોવેટર્સ, એન્ટરપ્રેન્યોર્સ અને મેકર્સને તેમના આઈડિયા બતાવવા, જ્ઞાનનું આદાનપ્રદાન કરવા, દેશવિદેશમાંથી મુલાકાતીઓની તેમની ક્ષમતા બતાવવા માટે મંચ આપે છે.

મેકર મેલા કળા, હસ્તકળા, એન્જિનિયરિંગ, વિજ્ઞાન, ડુ-ઈટ-યોરસેલ્ફ (ડીઆઈવાય) વિચારધારાની ઉજવણી કરે છે અને મેકર ચળવળને ગત વર્ષોમાં અદભુત પ્રતિસાદ મળ્યો છે. મેકર મેલામાં ૧૧મીથી ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૮ સુધી દરેક ક્ષેત્રમાંથી એકત્ર આવનાર ૧૦૦ મેકર્સ તેમના કાચા, અજોડ અને અપારંપરિક આઈડિયાની વૈવિધ્યપૂર્ણ શ્રેણીનું આદાનપ્રદાન કરશે.

મેકર્સ તરફથી પ્રદર્શનના સમૃદ્ધ રસથાળમાં ઉમેરો કરતાં નામાંકિત હસ્તીઓ તરફથી વાર્તાલાપ, ડેમોન્સ્ટ્રેશન્સ અને પરફોર્મન્સીસ વગેરે દર વર્ષે મેકર મેલામાં સૌથી વધુ વખણાતા વિષયો છે. આ વર્ષે નામાંકિત વક્તાઓમાં ભારતના સન્માનનીય ઉપ રાષ્ટ્રપતિ વેન્કૈયા નાયડુ, મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી દેવેન્દ્ર ફડણવીસ, માનવ સંસાધન વિકાસ મંત્રી પ્રકાશ જાવડેકર, સ્ટેન્ફોર્ડ એન્જલ્સ એન્ડ એન્ટરપ્રેન્યોર્સ ઈન્ડિયાના સ્થાપક પૌલા મરીવાલા, કેમિસ્ટ્રીમાં નોબેલ પારિતોષિક વિજેતા અદા યોનાથ, બાળ કલાકાર અને યુવા આઈબીએમ વેટસન ડેવલપર માસ્ટર તન્મય બક્ષી, ભારતના અત્યંત નામાંકિત શાસ્ત્રીય નૃત્યકાર અને કોરિયોગ્રાફર ડો. આનંદા શંકર જયંત, વિદ્વાન અને સાઈબર સલામતી મંચ અને સેવા કંપની લુસિડિયસના સીઈઓ અને સહ- સ્થાપક સંકેત મોદી, હોમી ભાભા નેશનલ ઈન્સ્ટિટ્યૂટના વાઈસ ચાન્સેલર શ્રી રવિ ગ્રોવર, સાઈલન્ટ હાર્ટ એટેક પ્રેડિક્ટિવ ડિવાઈસના શોધક આકાશ મનોજનો સમાવેશ થાય છે.

મેકર મેલામાં ચુનંદી સ્ટાર્ટ-અપ્સને તેમના આઈડિયા રોકાણકારો અને કોર્પોરેટ સામે રજૂ કરવાનો મોકો મળશે, જેમાં ટેડેક્સના સ્પીકર, એવોર્ડ વિજેતા વાર્તાકાર અને ગીતકાર અને મહિંદ્રા એસએસજી ખાતે માર્કેટિંગ અને પબ્લિક રિલેશન્સના હેડ મનીષ અડવાની, નઝારા ટેકનોલોજીઝના સીએમડી, ઈન્ડિયા બિઝનેસ ગ્રુપના પ્રેસિડેન્ટ, યુ સીઈઓના લેખક, ટેડેક્સના વક્તા વિકાસ મિટરસેન, એન્જલ ઈન્વેસ્ટર, વેન્ચર કેટાલિસ્ટ્સના સહ- સ્થાપક અને પ્રેસિડેન્ટ અને ટાઈ ખાતે ચાર્ટર મેમ્બર ડો. અપૂર્વ શર્મા, ભૂમિ વર્લ્ડ ઈન્ડસ્ટ્રિયલ પાર્કના સીએમડી પ્રકાશ પટેલ, એન્જલ અને પીઈ ઈન્વેસ્ટર ડાયરેકટર કોર મિડિયા અને ક્રિપ્ટોકરન્સીઝના ઈન્વેસ્ટર સંજય મહેતાનો સમાવેશ થાય છે.

સોમૈયા આરઆઈઆઈડીએલ અને સોમૈયા વિદ્યાવિહારની પહેલ મેકર મેલાને ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને સ્ટાર્ટ-અપ ઈન્ડિયાનો ટેકો છે. તેને યુનેસ્કો અને સ્ટાર્ટઅપઈન્ડિયા પાસેથી પેટ્રોનેજ પ્રાપ્ત થયું છે.

સીઈઓ અને ચીફ ઈનોવેશન કેટલિસ્ટ ગૌરાંગ શેટ્ટી કહે છે, આ વર્ષે અમને પ્રાપ્ત વોલ્યુમ અને એન્ટ્રીઓથી અમે ખુશ છીએ. ભારતની મજબૂત વેપાર સાહસિકતા અને ક્રિયાત્મક જોશ ઘરઆંગણામાં પ્રદર્શિત થાય છે. આ વર્ષે બધી ઉંમરના ઈનોવેટિવ મેકર્સ તે બતાવી આપશે.

સોમૈયા આરઆઈઆઈડીએલનું મિશન મેકર્સને માહિતગાર, જોડવા અને પ્રેરિત કરવા અને ઊભરતા મેકર્સને તેમની સિદ્ધિઓ દેશભરના દર્શકો સામે આદાનપ્રદાન કરવાનું છે.

આ વર્ષે મેકર્સમાં દસ વર્ષથી ૭૦ વર્ષ સુધીના લોકોનો સમાવેશ થાય છે, જેઓ ટેક શોખીનથી ક્રાફ્ટર્સ, એજ્યુકેટર્સ, ટિંકરર્સ, હોબીઈસ્ટ્સ, એન્જિનિયર્સ, આર્ટિસ્ટ્સ, સાયન્સ કલબ્સ, સ્ટુડન્ટ્સ, લેખકો, હોમસ્ટેડર્સ, ગેરેજ ટિંકરર્સ અને કમર્શિયલ પ્રદર્શકોનો પણ સમાવેશ થાય છે.

આ ઈવેન્ટ સોમૈયા વિદ્યાવિહારના કેમ્પસમાં યોજાશે.

# વાવ ઈવેન્ટ્સ અને એક્ઝિબીશન દ્વારા યોજાયો ક્રિસમસ કાર્નિવલ















વાવ ઈવેન્ટ્સ અને એક્ઝિબીશન દ્વારા ક્રિસમસ કાર્નિવલનું ગુરુકુળ કોલેજ ગ્રાઉન્ડ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટનાં કો-સ્પોન્સર્સ એસ.એસ.બોર્ડસ - સંજય આશર, એસોસીએટ સ્પોન્સર્સ ઉત્સવ અને ઉમંગ બેન્કવેટ્સ, જ્વેલ્યોર, નિહા વેલનેસ, ગીફ્ટ સ્પોન્સર જયેશ કાંતિલાલ મહેતા અને પ્રિન્ટ પાર્ટનર વોઈસ ઓફ ઘાટકોપર હતાં. કાર્નિવલનું ઉદ્‌ઘાટનહિંદમાતા દાદર ખાતે આવેલી શ્રીમતી કમલા મહેતા - બ્લાઈન્ડ ગર્લ સ્કુલ એન્ડ હોસ્ટેલની વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.




## જેજેસી અમૃતનગર દ્વારા મણીલક્ષ્મી તીર્થ યાત્રાનું આયોજન



જેજેસી અમૃતનગર - પ્રમુખ અનિલ દોશી અને કમિટી મેમ્બરો દ્વારા મણીલક્ષ્મી તીર્થ વડોદરા તીર્થયાત્રા પ્રવાસનું ૨૯ ડિસે. - ૩૦ ડિસે. પર્યંત આયોજન કરવામાં આવેલ. કુલ ૪૨ મેમ્બરોએ યાત્રાનો સુંદર લાભ લીધો હતો. દરેક મેમ્બરોએ આ સુંદર યાત્રા દર વર્ષે યોજાય તેવી ભાવના વ્યક્ત કરી હતી.

# રામજી આસર વિદ્યાલયના અંગ્રેજી માધ્યમ જી.એમ.ભાટિયા કે.જી.સેક્શનમાં ક્રિસમસની ઉજવણી







રામજી આસર વિદ્યાલયના અંગ્રેજી માધ્યમ જી.એમ.ભાટિયા કે.જી.સેક્શનમાં ક્રિસમસની ઉજવણી ખૂબજ અનોખી રીતે કરવામાં આવી હતી. સંસ્થા પ્રમુખ શ્રી ધીરુભાઈ મહેતા સાંતાક્લોઝની વેશભૂષામાં કાર (ગાડી)માંથી તેમની ગુડી બેગ સાથે શાળાના પ્રાંગણમાં ઉતર્યા. પ્રિન્સિપલ શિવાની મહેતા મધર ફેરીના પહેરવેશમાં હતા. સાથે નાના ભૂલકાઓ જીંગલ બેલના સંગીત સાથે સ્નો સ્પ્રે તથા સ્નો બોલ નાખીને સાંતાક્લોઝનું સ્વાગત કર્યું. રામજી આસરના દરેક વિભાગના શિક્ષકો આચાર્યો તથા બાળકો ચારે બાજુ ઉમટી વળ્યા હતા.

મિની ફેરી લેન્ડ જેવો સુંદર માહોલ બની ગયો હતો. પ્રમુખ શ્રી ધીરુભાઈ મહેતાએ પોતાના હસ્તે દરેક બાળકને ચોકલેટ આપી હતી. ત્યારબાદ આગળનો કાર્યક્રમ ડી.એમ.ભાટીયા પ્રાયમરી વિભાગ દ્વારા આગળ વધાવ્યો. આમ ક્રિસમસનું મહત્વ બાળકોને સમજાવવામાં આવ્યું.

## ઘાટકોપરમાં ખંભાત - લીંબડી - ગોંડલ સંપ્રદાયના જૈન સંતોનું મિલન : પ્રવચન

શ્રી હિંગવાલા લેન મોટા ઉપાશ્રયે ખંભાત સંપ્રદાયના ૫૧ વર્ષના દીક્ષા પર્યાયધારી પૂ.ગુરુદેવ શ્રી ચેતનમુનિ મ.સા. તથા લીંબડી સંપ્રદાયના પૂ.પ્રકાશચંદ્રજી મ.સા. તેમજ ગોંડલ સંપ્રદાયના પૂ.શ્રી ધીરજમુનિ મ.સા. અને મહાસતીજી વૃંદની તા.30ને શનિવારે પધરામણી અને મંગલમિલન તેમજ સવારે ૯.30 કલાકે પ્રવચન યોજાશે. જ્યારે પૂ.શ્રી ધીરજમુનિ મ.સા.નું ગુરુવાર અને શુક્રવારે રાજાવાડી ઉપાશ્રય, એમ.જી.રોડ ખાતે પ્રવચન યોજાશે. ગચ્છાધિપતિ પૂ.ભાવચંદ્રજી સ્વામી ઠાણા-૭ વિલેપાર્લા બિરાજે છે. રોજ સવારે પ્રવચન અને તા.૨ ને મંગળવારે ઝાલાવડ નગર, જુહુલેન, અંધેરી ખાતે પ્રવચન યોજાશે.

All Musical Events
• Sangeet Sandhya
• Lagna Geet
• Mehendi
• Dandiya Rass
• Prarthna / Bhajans
• Instrumental



Bhakti Asani (Radio Artist)
9821550829 • 022-67989592
Website : www.bhaktiasani.com

પંચગાની હવા ફેર
પ્રકૃતિના સાનિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવા ફેર કરવા પધારો
શુધ્ધ સાત્વીક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
રાજલક્ષ્મી આરોગ્યધામ
મુંબઈમાં બુકીંગ માટે સંપર્ક : 08879677709
સંપર્ક માટે સોમવારથી શુક્રવાર બપોરે 1 થી 4

gopalas residency
Presents, 31st DECEMBER
K
Bollywood Night Fungama
COUPLE @ 1499
SINGLE @ 799
KIDS @ 499
Live Music, Dance, Lavish Buffet & Fire Works at mid Night
Magic Show,
Registration Compulsory, Just Register & Get a Chance to Win International Tours
QUICK CONTACT : Tel : 02522-297575 / 76, Mob. : +91 7400406886
( A Unit Of Shivaay Hospitality ) Near Tata Amantra, E-4 Bhumi World, Mumbai Nashik Road, Village Pimplas, Bhiwandi, Dist. Thane - 421311 • Website : www.gopalasresidency.com • Email : Gopalas.residency@gmail.com

# જીવન સંગ્રામમાં પરમ શાંતિ, આનંદ અને સુખ માટે આટલું નિયમિત કરો

ચંદ્રેશ પારેખની કલમે....



૧ - જીવન સંગ્રામમાં પરમ સુખ, શાંતિ, ને આનંદ કોઈ પણ પદાર્થ આપી શકે જ નહી. જગતની કોઈ પણ નિર્જીવ વસ્તુને પગે લાગવાથી સુખ-શાંતિ મળે જ નહી જેથી એ ભ્રમમાંથી પ્રથમ તો બહાર નીકળો.

૨ - દરરોજ નિયમિત એક કલાક કોઇપણ સ્થળે શાંત રીતે ટટાર બેસીને આંખો બંધ કરીને પોતાના શ્વાસને નિરંતર જોયા જ કરો, મનને ત્યાંથી ખસવા દેવાનું નથી. કોઈ જપ કરવાના નથી. થોડાં જ વખતમાં મન શાંત થશે ને પ્રસન્નતા અનુભવશો જે આખો દિવસ રહેશે

૩ - મનને સતત પ્રવૃત્તિશીલ રાખો, કાંઈક ને કાંઈક જાગૃતિ પૂર્વક કર્મ કર્યા જ કરો. ગેમો, સિનેમા, સીરીયલ કે નાટક જોઇને વખત બરબાદ કરશો નહી, તેમાં શાંતિ નથી. તેમાં સુખ છે તેવા ભ્રમમાં રહેશો નહી.

૪ - બીજા જેવા થવાનો જરા પણ પ્રયત્ન જ કરો નહી. તમો જેવા છો તેવા ઉત્તમ છો, તેમ માનીને તમામ વ્યવહાર, વર્તન અને શુધ્ધ આચરણ કરો. તમારા જેવો આ દુનિયામાં કોઈ માણસ પાક્યો નથી ને પાકવાનો પણ નથી. તેનું ગોરવ અનુભવો. આત્મ વિશ્વાસ કેળવો.

૫ - શરીર મન બુધ્ધિ અને ઇન્દ્રિયોથી મનના ભાવથી વિચ્છેદતા અનુભવો. હું આમાંની કોઈ વસ્તુ નથી, હું આત્મ સ્વરુપ છું, શાશ્વત છું, શુધ્ધ છું, આનંદ સ્વરુપ છું તેવા ભાવમાં સ્થિર થવા સતત, નિરંતર, પ્રયત્ન કરો, શાંતિ ત્યાં જ છે, સમય લાગશે પણ પ્રાપ્ત થશે જ.



૬ - જેટલા પ્રમાણમાં આત્મા સાથે સંલગ્ન બનશો તેટલો આનંદ અનુભવશો.

૭ - જેટલા પ્રમાણમાં બહ્યાચારોથી મુક્ત થશો ને અંતઃકારણમાં ઉતારશો તેટલો આનંદ અનુભવી શકશો.

૮ - કોઈ પણ કર્મ કરો તેમાં બરાબર સંલગ્ન થાવ પણ તેમાંથી કૈક મેળવવું છે તેવા ભાવમાંથી મુક્ત થાવ. મારી ફરજ કર્મ કરવાની છે તેમ મનથી માનીને કર્મ જ કરો. મનને કર્મમાં બરોબર પોરવો. મનના ભાવોમાં ફેરફાર કરવા સિવાય કાંઈ જ કરવાનું નથી. ભાવમાં ફેરફાર એ જ આનંદ.

૯ - કોઈ પણ ની નિંદા કે પ્રશંસાથી મુક્ત બનો. અને પોતાની પ્રશંસા થાય તેવું જરા પણ ઈચ્છો જ નહીં. ટૂકમાં અપેક્ષા, આશાથી મુક્ત થાવ, ને તટસ્થતા કેળવો.

૧૦ - કોઈ પણ કર્મ સારું કે નબળું માનો જ નહીં, કર્મ તો નિર્જીવ છે, પછી સારું મોળું હોવાનો સવાલ જ નથી. સારું નબળું તે તો આપણા ભાવથી નક્કી કરેલ છે તેમાંથી નિવૃત્ત થાવ. કર્મ એટલે કર્મ.

૧૧ - જીવન વહેતું ઝરણું, તે કદી સીધી પાટીએ ચાલતું નથી, તેમ સુખ-દુઃખ, માન-અપમાન, કીર્તિ-અપકીર્તિ, લાભ-નુકસાન, નિંદા-પ્રશંસા વગેરે આવવાના જ, તેને રોકી શકાતા નથી ને તે મહેમાન તરીકે આવતા હોય છે. તે વહ્યા જ જવાના પણ આપણે તેને રોકી રાખતા હોઈએ છીએ. જે રીતે ઝરણાને રોકો તો ગંધાય તેમ આને રોકોતો તે ગંધાવા જ માંડે, તેથી રોકી રાખતા બંધ થાવ, મનના ભાવમાં ફેરફાર કરો એટલે કે તેનો સહર્ષ સ્વીકાર કરો ને થવાનું હતું તે થઇ ગયું પછી ભૂલી જ જાવ. મન માં વાગોળ્યા કરો જ નહી કે તેને યાદ કરો જ નહીં. તેવા ભાવમાં જીવો. શાંતિમાં ભંગ થશે જ નહીં. આનું નામ સમત્વ છે જે મોક્ષનો દરવાજો છે. મોક્ષ એટલે પરમ શાંતિ. મર્યા પછીની વાત ભૂલી જાવ અત્યારે જ આનંદ પ્રાપ્ત કરો.

૧૨ - કોઈપણ જાતના સંશય અને ભયમાંથી મુક્ત થાવ ને વિવેકમાં સ્થિર થાવ. ભય જેવી કોઈ વસ્તુ જગતમાં છે જ નહી તેઓ આપણે આપણા મનથી ઉભા કરેલા ભાવો જ છે. સાપ પણ હાલતા માણસને કદી કરડતો નથી, પણ આપણે તેના પર પગ મુકિયે છીએ તેથી તે બચવા આપણને બચકું ભરે છે. કોઇ પણ પ્રાણી એમજ આપણને હેરાન કરતું જ નથી, તેમાં આપણો જ વાંક હોય છે. આપણે જાગૃતિ પુર્વક પગ મુક્યો નથી, તેથી બચકું ભર્યું છે, સાપનો વાંક નથી, આપણે જ ગુનેગાર હોઈએ છીએ, ને તેનો વાંક કાઢીએ છીએ. માણસની પ્રકૃતિ છે કે પોતાની ભૂલ સ્વીકારતો જ નથી ને બીજાની ભૂલો શાધે છે જેથી દુઃખી જ થાય છે, તેથી તેમાંથી મુક્ત થાવ. જાગૃતિ પૂર્વક જીવો, ક્યાંય દુઃખ પાસે આવશે જ નહીં.

૧૩ - જીવન છે ભૂલો તો થવાની જ. ભૂલ થવી એ કોઈ પણ પ્રકારનું પાપ નથી, પણ તેને તમો મનમાંથી બહાર ફેકી દ્યો. ભૂલોને વાગોળ્યા જ કરો તો તે પાપ બની જાય છે. માટે થવાનું હતું તે થઇ ગયું મનમાંથી વિદાય કરતા શીખી જાવ એટલે પુણ્યશાળી જ બની જશો.

૧૪ - પરમાત્માના દરબારમાં કોઈ પાપ-પુણ્ય છે જ નહી, એ આપણા મનના ખેલ છે, તેમાંથી મુક્ત થાવ.

૧૫ - જેટલું મન મેલું એટલું બંધન, અને જેટલું મન શુધ્ધ એટલું સુખ, શાંતિ અને આનંદ. રાગ-દ્વેષ, અહંકાર, આસક્તિ વગેરે મનના મેલ છે. તેમાંથી મુક્ત થવા સતત પ્રયત્ન શીલ રહો.

૧૬ - મૃત્યુ વખતે જો ઈચ્છાઓથી, આશાઓથી મુક્ત થશો તો જ તો નવા જન્મથી મુક્ત થઇ શકશો. જો ઈચ્છાઓ, કામનાઓ, વાસનાઓ બાકી રહી ગઈ તો તેની પૂર્તિ કરવા નવો જન્મ લેવો જ પડશે. કારણ કે કોઈ પણ કર્મ ફળ વિનાનું હોતું જ નથી, ને ફળ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કર્મનું વિસર્જન થતું નથી એટલે ઈચ્છા, આશા, અપેક્ષા બાકી રહી ગઈ તેની પુરતી કરવા નવો જન્મ છે. માટે સંકલ્પો-વિકલ્પો ને ઇચ્છાઓથી મુક્ત થાવ. અનાસક્ત ભાવમાં, સાક્ષી ભાવમાં સ્થીર થાવ ને અહંકારથી નિવૃત્ત થાવ. એ જ મુક્તિ છે.

૧૭ - આપણે આપણી જાતને જાણી તેમાં જે કાંઈ નબળાઈઓ દેખાય તેનાથી સતત નિવૃત થઈ એને સ્વ સ્વરુપમાં સ્થીર થઈએ ને, આત્માના અવાજને અનુસાર જ વર્તન વ્યહાર કરીએ તો કદી પાપ લાગશે જ નહી. ખોટા કામો થશે જ નહી. કારણ આત્મા સત્ય સ્વરુપ છે, તેનો અવાજ સત્ય સ્વરુપ જ હોય છે, માટે સત્યનો રસ્તો જ બતાવે છે. જેથી જીવનમાં ક્યાય મુશ્કેલી આવશે જ નહી.

૧૮ - આત્માના અવાજ ને જાણવા માટે કોઈ પણ વિચાર બુદ્ધિમા આવ્યો તો તે વિચારનો અમલ તુરંત કરવા માંડવો નહીં, પણ બે મિનીટ થોભી જવું, આ બે મિનીટ સાવ જ શાંત થઈ જવું પછી જે કાંઈ સમજાય તે પ્રમાણે વર્તન વ્યવહાર આચરણ કરવું. આ બે મીનીટમાં જે સુજ્યું તે જ આત્માનો અવાજ છે, તે સાંભળતા શીખી જાવ એટલે જીદગીમાં ક્યાંય પણ દુઃખ, ચિંતા, તનાવ પડખે આવશે જ નહી.

૧૯- આપણા ભૂતકાળને કદી પણ સ્વપ્નમાં પણ યાદ કરવો જ નહી, જે ગયું તે ગયું, ને ભવિષ્યમાં આમ કરી કરવું છે તેવો વિચાર સુધ્ધાં કરવો નહી, વર્તમાનમાં જીવે જાવ વર્તમાંનમા જ શાંતિ, સુખ અને આનંદ છે.

૨૦ - સંકલ્પ, વિકલ્પ, ભૂતકાળ અને ભવિષ્ય કાળ એ તો ચિંતાનું જ ઘર છે, ત્યાં ચિંતા સિવાય કાંઈ હાથમાં આવે જ નહી. એનો અર્થ પ્રગતી નહી કરાવી એવો થતો નથી, જરૂર પ્રગતી જરૂર કરો પણ તે વર્તમાનમાં રહીને કરો એટલે કે કર્મ વખતે કર્મ પછી તેનાથી અલિપ્ત આ અલિપ્ત થતા આવડી ગયું એટલે સુખ સિવાય કાંઈ હાથમાં આવશે જ નહી.

૨૧ - બાળક દરિયા કિનારે જાય ને રેતીમાં ઘર બનાવે ત્યારે બીજો બાળક તોડી નાખે તો બાળક ખીજાય તેને મારવા પણ તૈયાર થઇ જાય ને પછી ઘરે આવવાનો સમય થાય ત્યારે તેઓ જ ભાગીને ભુક્કો કરી નાખે છે ને બધું ભૂલીને સાથે રમતા રમતા ઘરે આવે છે, આવા જ રહો એટલે શાંતિ જ છે, આનંદ જ હાથમાં આવશે. બાળકે મકાન બનાવ્યું તે તમો ધંધામાં દિલ દઈને કામ કરો પણ ઘરે ધંધાને લાવો નહી એટલું જ જો આવડી જાય તો સુખ સિવાય કાંઈ હાથમાં આવે જ નહી. ટુકમાં અસંગ બનતા આવડી જાય આ જ એક કલાક શાંતિથી બેસવાની તાલીમ છે, ચાલો આપણે એક કલાક નિરાંતે બેસીએ આટલામાં બધું છે.

# ઉતર્યો અમલદાર કોડીનો

શબ્દોનું સ્પંદન



પ્રા. બિંદુ મહેતા

આ માગ કોઈ અમલદારને લાગુ પડે છે તેમ નથી પદ તને પ્રણામ દરેક પદાધિકારી પછી તે સરપંચથી માંડીને વડાપ્રધાન હોય બધા માટે છે આજે હાલમાં પદ પર હોય કે પહેલા પદ પર હોય પદનો પ્રભાવ ઘણૌ છે. પદની ગરમી નશો બીજા બધા નશાને ભૂલાવી દે. આજે સરપંચથી માંડીને વડાપ્રધાનમાં રડવાડી ઠાઠ જોવા મળે છે. સૌથી વધારે બોલ બાલા રાજકિય સૂચણીની હોય છે. જે ઉમેદવાર ને પદનો ચસકો લાગી ચૂક્યો છે તે પદ છીનવાઈ જશે તો તે ભયમાં રહે છે ને પોતાની પૂરી તાકાત લગાવે છે અને હાર્યો જુગારી બમણુ રમે ચૂંટણી જીતવા માત્ર લોકોને વચન આફે છે. તેવું નથઈ પણ બોટબેંક માટે નોટ બેંક પણ તેટલી જરૂરી છે. નોટોનો બંદોબસ્ત પોતાના પદને આધારીત હોય તો ભલે નહિતર નોટ ધિરનારને પણ બચનો આપવા પડે છે તેનું પણ પદપર આવતા વેત કામ પતાવવું પડે છે અને તે પણ સહેલાઈથી પતે તેવું ન હોય ત્યારે જ ઈસ હાથ લે ઈસ હાથ દે નો સોદો કરવો પડે છે. ચૂંટણીના છેલ્લા દિવસોમાં જીત મેળવવા મરણીયા પ્રયાસો કરતી વખતે જીભ કાબુમા ન રહેતા એક બીજા પર ન શોભે તેવા શબ્દ પ્રયોગોને આ જોવો થાય છે અને દુનિયાભરના લોકો આ તમાશો જુએ છે વોટ ખેચવા સામ દામ દંડ ભેદ બધી નીતિ અપનાવામાં આવે છે. પોતાની સત્તા મજબુત કરવા પોતાની નીચેના પદનો ટેકો પણ જરૂરી છે અને જેને તમે તમારા પક્ષના ઉમેદવાર તરીકે નિમણુક કરો તેને જીતાડવા તન, મન, ધનથી બધુ જ કરો તે વ્યક્તિ તો તમને માત્ર હાજી સરકાર તમે જ મારા માઈ બાપ કહેશે તે પ્રજાનું સાંભળશે કે પોતાના ઉપરીનું દિવા જેવી જેવી ચોખ્ખી વાત છે પદ છે તો બધુ છે માટે પદ તેનો સો સો સલામ.

ચૂંટણી વખતે શાસક પક્ષના ખીસ્સા ગરમ ને હાથ લાંબા હોય છે તે પોતાના મત વિસ્તારને માલા માલ કરી દે છે તેમના દરેક પ્રોજેક્ટ મત બેંકને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. કારણ ટુ ઉતર્યો અમલદાર કોડીનો પડ્યા ને પાટુ મારવા બધા તૈયાર થઈ જાય. લોકો પણ ચલતીકા નામ ગાડીના જેમ ચાલતી ગાડીમાં બેસી જાય. આજે સત્તા જતી રહે તેનો ભય એટલો હોય છે કે વડાપ્રધાન પદના ઉમેદવાર પણ બે બે જગ્યાથી ચૂંટણી લડે છે આંધળીયા કર્યા છતાં પણ ભિતરમાં હારી જવાનો ભય હોય છે. કારણ કે ઉતર્યો અમલદાર કોડીનો પદ ગયા પછી તેનો ચણા મમરા જેટલોય ભાવ રહેતો નથી તેથી જેમ પ્રેમને યુધ્ધમાં બધુ જ જાય તેમ ચૂંટણીમાં પણ આવું જ જોવા મળે છે. પાડા પાડા લડે ને વચ્ચે જાડનો ખો અંતે તું ચૂંટણી જીતવા જે પૈસાનો ધુમાડો કરે તે પૈસા તો અંતે પ્રજા પાસેથી જ વસુલ થાય.

# જવેલ સહેલી ગ્રુપ દ્વારા ક્રિસમસ નિમિત્તે Halloween Party નું આયોજન







ઘાટકોપર ગુજરાતી સમાજની પ્રેરણાથી જવેલ સહેલી ગ્રુપ દ્વારા ક્રિસમસ નિમિત્તે Halloween Party નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦૦ થી પણ વધારે મેમ્બરો એ આ કાર્યક્રમ માણ્યો હતો.

જય કેટરર્સ દ્વારા મસ્ત ઈટાલીયન પાવભાજીની લહેજત મેમ્બરોએ માણી હતી. મેમ્બરો ભૂત બનીને આ કાર્યક્રમ આવ્યા હતા. જેમાં મેમ્બરોએ કેટવોક અને ગેમ રમીને ખાઈ પીને છુટા પડ્યા હતા. આવા અવનવા કાર્યક્રમો માટે જવેલ સહેલીએ ઘાટકોપરમાં લેડીઝ વીગનું એક મુઠ્ઠી ઉછેરું નામ મેળવ્યું છે.









# કુરીયર તથા પેમ્પલેટ

સંસ્થાઓના કુરીયર તથા પબ્લિસીટી મટિરીયલ પેમ્પલેટ ઘર પહોંચ કરી આપવામાં આવશે. ન્યુઝપેપરમાં પેમ્પલેટ ડિસ્ટ્રીબ્યુટ કરી આપવામાં આવશે.

વધુ માહિતી માટે સંપર્ક

**9869038095**



## દર શુક્રવાર આપને દ્વાર વોઈસ ઓફ ઘાટકોપર

### વાચકોને આમંત્રણ

**બર્થ-ડે તથા મેરેજ એનિવર્સરી**

ઘાટકોપર વિદ્યાવિહારમાં રહેતા વાંચકો મેરેજ એનિવર્સરી કે બર્થ-ડે નિમિત્તે અમને નામ, વિસ્તાર, તારીખ અને વર્ષ લખી ફોટો સાથે વિગતો લખી મોકલી શકે છે. વોઈસ ઓફ ઘાટકોપર આપનો ફોટો અંકમાં પ્રકાશિત કરશે. વધુ માહિતી માટે નીચે આપેલ કાર્યાલયે સંપર્ક કરવો

**લગ્ન સબંધી ક્લાસિફાઈડ જાહેરાત**

આજના સમયમાં દરેક માતા-પિતાને પોતાના પુત્ર-પુત્રીઓ માટે યોગ્ય જીવનસાથી મળે તે માટેની સમસ્યા સતાવી રહી છે સમાજનાં આ જ્વલંત પ્રશ્નનો ઉકેલ લાવવા વોઈસ ઓફ ઘાટકોપર એક અનોખો પ્રયાસ કરી રહ્યું છે. વધુ માહિતી માટે નીચેના સ્થળ ઉપર સંપર્ક સાધવો.

**મરણનોંધ તેમજ શ્રદ્ધાંજલિ**

ઘાટકોપરના રહેવાસીઓને તેમના સ્વજનોની મરણનોંધ તેમજ શ્રદ્ધાંજલિની ૪૦ સે.મી. ની જાહેરાત તદ્દન નિઃશુલ્ક પ્રકાશિત કરવામાં આવશે વધુ માહિતી માટે નીચેના સ્થળની મુલાકાત લેશો

**ઉપરોક્ત તમામ સેવાઓ તદ્દન નિઃશુલ્ક છે**

વોઈસ ઓફ ઘાટકોપર ઓફિસ એડ્રસ :
એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.



# ઘરે બેઠા મેળવો વોઈસ ઓફ ઘાટકોપર

ઘાટકોપરથી દર શુક્રવારે પ્રકાશિત વોઈસ ઓફ ઘાટકોપર મેળવવા માટે આપના ઘરે/ઓફિસે/દુકાને ન્યુઝપેપર નાખતા ન્યુઝપેપરવાળા / વેન્ડરને આપને પેપર આપવા જણાવો

અથવા નીચે આપેલ લવાજમ ફોર્મ ભરી અમને મોકલો

નામ : ____________________

એડ્રેસ : ____________________

____________________

વોટ્સએપ નંબર : ____________________

**એક વર્ષનું લવાજમ ફક્ત રૂા.૨૫૦**

લવાજમનો ચેક "Ghatkopar Times Publication Centre" લખવાનો રહેશે
આપ 9022279684 નંબર પર ફોર્મ વોટ્સએપ કરી લવાજમ ફી Paytm કરી શકો છો

એડ્રેસ : એ-૧, બેઝમેન્ટ, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ).

# ડેન્ટલ ક્રાઉન (કેપ, કવર, ટોપી)

આજના અંકમાં આપણે દાંત ઉપરના ક્રાઉન (કેપ, કવર, ટોપી) શું છે? તેની જરૂર ક્યારે પડે છે અને તેની સારવાર કેવી રીતે થાય છે તેની ચર્ચા કરીશું.

તુટેલા, સડી ગયેલા અથવા મોટા ફિલીંગને કારણે નબળા પડી ગયેલા દાંત પર લગાવવામાં આવતા ધાતુના મજબુત આવરણને ક્રાઉન કહેવામાં આવે છે. ક્રાઉન દાંતના બચેલા ભાગ ઉપર ફીટ થઈ જાય છે અને તેને મજબુતાઈ તેમજ મુળ આકાર આપે છે. હવે આપણે એ જાણશું કે ક્રાઉનની જરૂરિયાત ક્યારે પડે છે જેમ કે (૧) મોટી ફીલીંગને કારણે દાંત નબળો પડી ગયેલ હોય ત્યારે તેને મજબૂતી આપવા માટે (૨) ફિલીંગનો રંગ ખરાબ થઈ જવાને કારણે દાંત સારો ન લાગતો હોય તો તેનો દેખાવ સુધારવા માટે (૩) દાંત તૂટી ગયો હોય (મૂળીયાની સારવાર) કરેલા દાંત પર, તેનું રક્ષણ કરવા માટે



દાંત પર લગાવવામાં આવતી કેપ વિવિધ જાતના મટીરીયલની બનાવેલી હોય છે જેમકે (૧) સિરામીક (પોર્સેલીન)જે એકદમ કુદરતી તેમજ આકર્ષક લાગે છે. ખાસ કરીને આગળના દાંત પર લગાવવામાં આવે છે (૨) ક્રોમઃ ખુબજ મજબુત હોય છે, તેનો રંગ સ્ટીલ જેવો હોય છે, ખાસ કરીને પાછળની દાઢ માટે ઉપયોગી થાય છે. જે સામાન્ય રીતે દેખાતા નથી.

હવે એ જાણશું કે કંપની સારવાર કઈ રીતે કરવામાં આવે છે.

દાંત પર કેપ લગાવવા માટે દાંતને આદર્શ આકાર આપવામાં આવે છે. જેમાં દાંતની અંદરનો મજબુત ભાગ છોડી, બહારની સપાટી પરથી કેપની જાડાઈ જેટલો ભાગ દૂર કરવામાં આવે છે. દાંતને આકાર આપ્યા પછી દાંતની છાપ (ઈમ્પ્રેશન, માપ) લેવામાં આવે છે તેમજ તમારા દાંતનો કલર નોંધવામાં આવે છે. કેપ તૈયાર થઈ ગયા પછી ખાસ જાતની સીમેન્ટની કેપને દાંત સાથે ચોંટાડવામાં આવે છે. જેનાથી કેપ દાંત સાથે સજ્જડ ચોટી જાય છે. આ સારવાર માટે ઓછામાં ઓછી બે મુલાકાત લેવી પડે આ સારવારમાં કોઈ દુખાવો થતો નથી. જો તમારા દાંત વધારે પડતા સંવેદનશીલ હોય તો લોકલ એનેસ્પેશીયા (ખોટું કરવાનું ઈન્જેક્શન) આપીને સારવાર આરામદાયક રીતે કરી શકાય છે.

કેપ લગાવ્યા પહેલાના દાંતનો આકાર થોડો અલગ હોવાથી, થોડેક અંશે શરૂઆતમાં નવું નવું લાગે છે. જે થોડા દિવસોમાં સામાન્ય થઈ જાય છે. કેપનો કલર બાકીના કુદરતી દાંતના કલર જેવો જ હોવાથી તે કૃત્રિમ હોય એવું લાગતું નથી.

કેપ સડાને કારણે નબળા પડી ગયેલા દાંતને મજબુતાઈ આપે છે તેમજ તેને આકરાક બનાવે છે.

કેપનું આયુષ્ય કેપની કેટલી સંભાળ લેવાય છે તેના પર રહેલું છે. કેપમાં ક્યારેય સડો થતો નથી. બાકીના કુદરતી દાંતની તમે જેટલી સંભાળ લો છો તેટલી સંભાળ કેપની પણ જરૂરી છે.

**- ડૉ.ઉપાસના ગોસલીયા (મો. 9320775889)**

એડ્રસ - આઈ સ્માઈલ ડેન્ટલ ક્લિનીક : ૨, પરમાનંદ ટેરેસ, ઓફ કામાલેન, ઘાટકોપર(વે).

## ધર્મમાં અધર્મ?



આજે પ્રખ્યાત મંદિરોમાં પણ ધર્મના નામે વેપાર ચાલે છે. નાથ દ્વારાના શ્રીનાથજીના મંદિરમાં દસથી બાર વર્ષના છોકરાઓ સવારથી મંદિરમાં આંટા મારતા હોય છે અને લોકોને પૂછે છે 'મંગળાની આરતીના દર્શન કરવા હોય તો સો રૂપિયા આપો.'

મે જ્યારે આ સાંભળ્યું ત્યારે દુઃખ અને આશ્ચર્યની મિશ્રિત લાગણઈ થઈ. એક મિનિટની આરતીના દર્શનના સો રૂપિયા! અને આપવાવાળા આપે પણ છે. આપણી ૮ધ્ધા, લાચારી કે અધિરાઈનો ગેરલાભ ઉઠાવતા અને ભણવાનું છોડી ધંધો કરતા આ બાળકોને આપણે પોષવા ન જોઈએ.

કાચી ઉંમરના આ બાળકો, વગર મહેનતના પૈસનો દુરુપયોગ કરી શકે છે અને સમાજમાં દૂષણ ફેલાવી શકે છે. અમે વર્ષમાં બે વાર નાથ દ્વારા જઈએ છીએ, પણ છેલ્લા પાંચ વર્ષથી મંગળાની આરતીના દર્શન કર્યા નથી કારણ કે પૈસા આપનારને જ આરતીના દર્શન થાય છે. પૈસા આપવાવાળા બાળકોનું ભવિષ્ય તો બગાડે છે અને સાથે સાથે આપ જનતાને અન્યાય પણ કરે છે.

- મૃદુલા સ્વાલી

## બહેનશ્રીના વચનામૃત

### - સંકલન વિજય બોટાદરા



● જીવને અટકવાના જે અનેક પ્રકાર છે તે બધામાંથી પાછો વળ અને માત્ર ચૈતન્ય દરબારમાં જ ઉપયોગને લગાડી દે; ચોક્કસ પ્રાપ્તિ થશે જ. અનંત અનંત કાળથી અનંત જીવોએ આવી જ રીતે પુરુષાર્થ કર્યો છે, માટે તું પણ આમ કર.

અનંત અનંત કાળ ગયો, જીવ ક્યાંક ક્યાંક અટકે જ છે ને? અટકવાના તો અનેક અનેક પ્રકાર; સફળ થવાનો એક જ પ્રકાર - ચૈતન્યદરબારમાં જવું તે. પોતે ક્યાં અટકે છે તે જો પોતે ખ્યાલ કરે તો બરાબર જાણી શકે.

દ્રવ્યલિંગી સાધુ થઈને પણ જીવ ક્યાંક સૂક્ષ્મપણે અટકી જાય છે, શુભ ભાવની મીઠાશમાં રોકાઈ જાય છે, 'આ રાગની મંદતા, આ અઠયાવીસ મૂળગુણ, બસ આ જ હું, આ જ મોક્ષનો માર્ગ', ઈત્યાદિ કોઈ પ્રકારે સંતોષાઈ અટકી જાય છે; પણ આ અંદરમાં વિકલ્પો સાથે એકતાબુદ્ધિ તો પડી જ છે તેને કાં જોતો નથી? આ અંતરમાં શાંતિ કેમ દેખાતી નથી? પાપભાવ ત્યાગી 'સર્વસ્વ કર્યું' માની સંતોષાઈ જાય છે. સાચા આત્માર્થીને અને સમ્યગ્દ્રષ્ટિને તો 'ઘણું બાકી છે, ઘણું બાકી છે' એમ પૂર્ણતા સુધી ઘણું બાકી છે એમ જ ભાવના રહે અને તો જ પુરુષાર્થ અખંડ ટકી શકે.

ગૃહસ્થાશ્રમમાં સમકિતીએ મૂળિયાં પકડી લીધાં, (દ્રષ્ટિ-અપેક્ષાએ) બધું કરી લીધું, અસ્થિરતારૂપ ડાળાં-પાંદડા જરૂર સુકાઈ જશે. દ્રવ્યલિંગી સાધુએ મૂળ જ પકડયું નથી; એણે કાંઈ કર્યું જ નથી. 'સમકિતીને ઘણું બાકી છે ને દ્રવ્યલિંગી મુનિએ ઘણું કરી લીધું' - એમ બાહ્યદ્રષ્ટિ લોકોને ભલે લાગે; પણ એમ નથી. 'સમકિતીને ઘણું બાકી છે ને દ્રવ્યલિંગી મુનિએ ઘણું કરી લીધું' - એમ બાહ્યદ્રષ્ટિ લોકોને ભલે લાગે; પણ એમ નથી. પરિષહ સહન કરે પણ અંદરમાં કતૃત્વબુદ્ધિ તૂટી નથી, આકુળતા વેદાય છે, તેણે કાંઈ કર્યું જ નથી.

# ૧૧ મુમુક્ષુ આત્માઓનો શ્રી ભાગવતી જૈન દીક્ષા મહોત્સવ આગામી ૮-૨-૨૦૧૮ને રવિવારે યોજાશે

## રવિવારે દેવલાલીમાં ૧ મુમુક્ષુ આત્માની દીક્ષા આજ્ઞા પત્રિકા

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે શ્રી પરમધામ ધર્મ સંકુલના પાવન પ્રાંગણે શ્રી બૃહદ મુંબઈ વર્ધમાન સ્થાન કવાસી જૈન મહાસંઘ અનુમોદિત શ્રી મુંબઈના જૈન સંઘો પ્રેરિત ૧૧ મુમુક્ષુ આત્માઓનો શ્રી ભાગવતી જૈન દીક્ષા મહોત્સવ આગામી ૪-૨-૨૦૧૮ને રવિવારે યોજાશે.

આ અવસરે સોનામાં સુગંધ ભળે તેમ અમરેલી નિવાસી હાલ રાયપુર નિવાસી માતુશ્રી જાગૃતિબેન આનંદભાઈ ધનસુખભાઈ પારેખની વ્હાલસોયી દીકરી મુમુક્ષુ કુમારી ક્રિષ્નાની શ્રી ભાગવતી જૈન દીક્ષા બાપજી પૂજ્ય શ્રી લલિતાબાઈ મહાસતીજીના સુશિષ્યા ડૉ.પૂજ્ય શ્રી તરૂલતાબાઈ મહાસતીજી સમીપે જાહેર થતા હવે પરમધામના પ્રાંગણે ૪ ફેબ્રુઆરીના ૧૨-૧૨ દીક્ષાનો અનેરો અવસર યોજાશે.

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે આગામી રવિવાર ૨૪-૧૨-૨૦૧૭ના સવારે ૧૦ કલાકે 'નંદનવન ધર્મ સંકુલ' લામ રોડ દેવલાલીના આંગણે મુમુક્ષુ કુમારી ક્રિષ્ના પારેખની દીક્ષા આજ્ઞા અર્પણ વિધિના કાર્યક્રમમાં ડૉ.પૂજ્ય શ્રી તરૂલતાબાઈ મહાસતીજી, પૂજ્ય શ્રી વિમળાબાઈ મહાસતીજી, પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજી અને પૂજ્ય શ્રી ડોલરબાઈ મહાસતીજી આદી ઠાણા-૩૨ તથા શ્રમણ સંઘીય પૂજ્ય શ્રી જ્ઞાનપ્રભાજી મહાસતીજી આદિ ઠાણા-૯, પૂજ્ય શ્રી દર્શનપ્રભાજી મહાસતીજી આદિ ઠાણા-૧૨ તથા વિશાળ સંખ્યામાં શ્રાવક શ્રાવિકાઓ ઉપસ્થિત રહેશે.

સર્વેને પધારવા નંદનવન ધર્મ સંકુલના પદાધિકારીઓએ વિનંતી કરેલ છે.

## શ્રી કચ્છી ગુર્જર જૈન સમાજ મુલુંડ-ઘાટકોપર

શ્રી કચ્છી ગુર્જર જૈન સમાજ મુલુંડ તેમજ ઘાટકોપરના કાઈ પણ સમાચાર જેવા કે જાહેરાત જન્મદિવસ, લગ્ન દિવસના ફોટા, સગાઈની જાહેરાત, લગ્નસંબંધી જાહેરાત અથવા કોઈપણ જાતની એચિવમેન્ટ/ઉપલબ્ધિ જે આપણા કચ્છી ગુર્જર સમાજને લગતા હોય તે આપણે ઘાટકોપરથી પ્રસિદ્ધ થતા વોઈસ ઓફ ઘાટકોપર છાપામાં દર શુક્રવારે તેમજ હમારા મુલુંડ જે મુલુંડ જે મુલુંડથી દર શુક્રવારે પ્રકાશિત થાય છે. તેમાં આપવાનું નક્કી કરેલ છે. જે સમાજના ભાઈબેનોને આ વિશે નંબર/જાહેરાત/ સમાચાર આપવા હોય તો રેખા મહેતાને-૯૮૬૯૦૧૯૯૭૫ ઈમેલ : rekhaadv123@gmail.com પર સાંજે ૮ થી ૧૦ કોન્ટેક્ટ કરવા વિનંતી.

બનો
વોઈસ ઓફ ઘાટકોપર
સિટિઝન રિપોર્ટર

તમારા મોબાઈલ ફોન દ્વારા અથવા વોટ્સએપ દ્વારા સૂચિત કરો અને સિટિઝન રિપોર્ટર બનો
9022279684
તમારા વિસ્તારના સમાચાર, સ્થાનિક સમસ્યાઓ ફોટો સહિત ઘાટકોપર ના લોકો સુધી પહોંચાડવા ઈચ્છતા હો તો સંપૂર્ણ માહિતી સાથે અમારો સંપર્ક કરો


# શ્રી કેવીએસઓ ગુર્જર જૈન જ્ઞાતિ સમાજ મુંબઈ દ્વારા ટેલેન્ટ શૉ યોજાયો

શ્રી કચ્છ વિશા શ્રીમાળી ઓસવાલ ગુર્જર જૈન જ્ઞાતિ સમાજ મુંબઈ દ્વારા ગ્રાન્ડ ટેલેન્ટ શૉનું આયોજન કરવામાં આવેલ, સુમતિ ગુર્જરભવન ખાતે આયોજિત આ શૉમાં જ્ઞાતિજનોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. પ્રોગ્રામ કમિટી મેમ્બર્સ પરેશ વોરા, નિતીન વોરા, જયંત ગાંધી, સુધિર વોરા, મનિષ વોરા, દિપક શાહે આયોજનમાં મુખ્ય ફાળો આપ્યો હતો.
















ગુર્જરમાતના 1000મા અંકના પ્રકાશન નિમિત્તે
સર્વ વાચકો, સંસ્થાઓ, વ્યાપારીઓ, જાહેરાતકારોનો
અત્યાર સુધી આપેલ સહકાર બદલ આભાર...
1000મા અંકના માઈલસ્ટોનને પાર કરવાની ખુશાલીમાં
વેપારીઓ માટે ડબલ ધમાકા જેવી વિશેષ ઓફર

**કલાસિફાઈડ અને ડિસપ્લે**
**કોઈપણ 1 જાહેરાત આપો**
**અને 2 જાહેરાત FREE મેળવો***

આ ઓફર ફક્ત શનિવાર તા.૩૦ ડિસેમ્બર ૨૦૧૭ સુધી જ સીમિત છે

| જેકેટ | પહેલું પેજ | છેલ્લું પેજ | અંદરનું પેજ |
|---|---|---|---|
| ₹.50 Sq.cm | ₹.40 Sq.cm | ₹.32 Sq.cm | ₹.24 Sq.cm |

કલાસિફાઈડ જા.ખ. હેડિંગના રૂા.૧૦, શબ્દદીઠ રૂા.૪,
મિનીમમ ૧૫ શબ્દો લેવામાં આવશે.

નોંધ : * આપે જો ગુર્જરમાતમાં જાહેરાતનો લોંગ ટર્મ કોન્ટ્રાક્ટ કર્યો હોય તો તે જળવાઈ રહેશે અને તે ઉપરાંત આપ આ ઓફરનો લાભ અલગથી લઈ શકશો.
* આ ઓફરનું પેમેન્ટ પુરે પુરું એડવાન્સ જીએસટી સાથે આપવાનું રહેશે.

* નિયમો અને શરતોને આધીન

# સ્કાયલાઈન ઓવેસીસ જેવા મોટા રેસિડેન્શિયલ કોમ્પલેક્સ જે માર્ગ પર આવેલ છે તે પ્રિમીયર રોડની બિસ્માર હાલત






વિદ્યાવિહાર વેસ્ટમાં આવેલ સ્કાયલાઈન ઓવેસીસ જેવી સોસાયટીઓ તથા મોટા કમર્શિયલ સેન્ટરો, નવલ મટેરીયલ ઓર્ગેનાઈઝેશન જે માર્ગ પર આવેલ છે તે પ્રિમીયર રોડ (નાથાની રોડ) અંગે સ્થાનિકોએ વોઈસ ઓફ ઘાટકોપરને ફરિયાદ કરી હતી. વિસ્તારની મુલાકાત લેતાં નાળાઓની તુટેલી દિવાલો ગટર પરનાં તુટેલાં ઢાંકણા, રસ્તા પર પડેલા પાઈપ જોવા મળ્યાં હતાં. જોકે રસ્તો સિમેન્ટ કોંક્રીટનો છે અને સારી અવસ્થામાં છે, કચરા પેટીની વ્યવસ્થા હોવા છતાં નજીકનાં ઝુપડાવાસીઓ રસ્તો રોડ પર નાંખતા હોવાથી ભારે ગંદકી જોવા મળી હતી. ફૂટપાથ પર જુની અને જર્જરિત ગણેશમૂર્તિઓ મુકવામાં આવેલ છે, જે ઘણાં સમયથી પડી હોવા થતાં મનપા કોઈ મહત્વના પગલા લેતા ન હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.



# ૯૦ ફુટ રોડ પર આવેલ ગાર્ડનનું રિનોવેશન ક્યારે હાથ ધરાશે?






૯૦ ફુટ રોડ અને વલ્લભ બાગ લેનના જંક્શન પર અને અરિહંત કૃપા બિલ્ડીંગની બાજુમાં આવેલ વર્ષ ૨૦૦૩માં રિનોવેટ કરાયેલ ગાર્ડન આજે ઘણા વર્ષથી રિનોવેશનની રાહમાં છે. સંપૂર્ણ ગાર્ડનમાં મોટા મોટા ઘાસ ઉગી ગયા છે. તો ગાર્ડનની વોકીંગ ટ્રેક, બેન્ચ અને રમતગમતનાં સાધનો ઉપયોગી બની શકે તેમ નથી. રાતનાં સમયે અહીં ગર્દુલ્લાઓ અડડો જમાવે છે. દિવસનાં સમયે પણ અહીં ઉગેલા ઘાસને લીધે સંપૂર્ણ ગાર્ડન જંગલમાં ફેરવાઈ ગયું છે.






# અંધ લોકોની સેવા એ તિર્થ સમાન કાર્ય : પ્રકાશ મહેતા

## લાયન્સ કલબસ તરફથી અંધ કલાકારોનો કાર્યક્રમ - જિંદગી પ્યાર કા ગીત હૈ યોજાયો







શેઠ શ્રી ભૂપતગિરીના સ્મૃતિમાં યોજાયેલ અંધ કલાકારોનો કાર્યક્રમ 'જિંદગી પ્યાર કા ગીત હૈ' - પ્રસંગે ઉપસ્થિત કેબિનેટ મિનીસ્ટર પ્રકાશ મહેતાએ જણાવ્યું કે અંધ લોકોની સેવા એ તીર્થ સમાન કાર્ય છે. જીવન જીવવાની આ રીતને હું વંદન કરું છું. વિદ્યાવિહારમાં આવેલ ભુરીબેન સભાગૃહમાં આયોજિત કાર્યક્રમમાં તેમને વિશેષ રીતે આવવાને મોકો મળ્યો તે માટે તેઓ પોતાને શ્રેષ્ઠ ભાગ્ય હોવાનું ઉમેર્યું હતું. લાયન્સ ક્લબ ઓફ ચેમ્બુર ગોલ્ડ, ડાયમંડ, નોર્થ પ્રાઈડ, ઘાટકોપર ગોલ્ડ, પ્રાઈડ, મુલુંડ, મજેસ્ટીક અને કલ આજ ઔર કલ દ્વારા ૧૬માં વર્ષે અંધજનોની ઓરકેસ્ટ્રા જિંદગી પ્યાર કા ગીત હૈ વેન્સ મ્યુઝિકલનો અંધજનોનો પ્રોગ્રામ ઉજવવામાં આવ્યો. કાર્યક્રમનો શુભારંભ મીના ભૂપતગિરી અને જયંત પારેખનાં હસ્તે કરવામાં આવી. સંપૂર્ણ આયોજનનાં મુખ્યા હરબંસ અરોરાએ પ્રકાશભાઈનું બહુમાન કર્યું હતું. આ પ્રસંગે ધર્મેશગિરી, ભાવેશગિરી તથા તમામ લાયન્સ કલબસનાં આગેવાનો, મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.




KALIKA Design Studio

Kalika Design Studio
"Vision That Changed Everything Creatively"

Services Provided:
* Desktop Publishing
* Graphic Designing
* Advertisement Designing
* Language Translation and Localization
* Web Designing
* E-Books
* Corporate Business Presentation

Email ID: kalika.dstudio@gmail.com
Website: www.kalikadesignstudio.com
Purvesh Rajgor

9821706101
Contact us Today



ઘાટકોપર વેસ્ટ
સ્ટેશન નજીક
O.C. વાળા બિલ્ડીંગમાં
૨૪૫ થી ૧૫૦૦ કારપેટ
રેડી પઝેશનમાં

ઘાટકોપર ઈસ્ટ - વેસ્ટ
O.C. વાળા બિલ્ડીંગમાં
૩ બેડરૂમ અને
૪ બેડરૂમ
રેડી પઝેશનમાં

Manish D. Vora - 98201 44859
Rera Certificate No. A51800000870
Parag D. Vora - 98201 31207
Rera Certificate No. A51800000867
Harsh M. Vora - 99200 34963

MAHAVIR ESTATE CONSULTANTS
Off. No.110, 1st Floor, Shop Zone, M.G.Road,
Near Bank of India, Ghatkopar (West), Mumbai - 400 086.
Tel.: 022-65780678, Email : manishdvora@gmail.com, www.mahavirestateconsultants.com


Printed, Published, Owned & Edited by **Jayant Visanji Chheda** and Printed at : **MID DAY Infomedia Limited.**, R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. and Published from 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. • **E-mail : voiceofghatkopar@gmail.com** • **RNI : MAHGUJ/2008/28113**